RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 318, Dt.31-3-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કાલથી બેન્કિંગ અને GST સહિતના અનેક નિયમો બદલાશે

## એટીએમનો વધારે પડતો ઉપયોગ મોંઘો બનશેઃ બેન્ક ખાતામાં લઘુતમ બેલેન્સના નિયમો પણ ફરશેઃ જીએસટીમાં ઈ-ચલાણ અપલોડ કરવાની ટર્નઓવર મુક્તિ મર્યાદા ઘટીઃ કારો મોંઘી થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કાલે ૧ એપ્રિલ નવું નાણાકીય વર્ષ અને સાથોસાથ 'એપ્રિલ ફુલ'નો પણ દિવસ તેઓ હવે એપ્રિલ ફુલ નહી પણ સરકારની અનેક જાહેરાતો આવતીકાલથી લાગુ થઈ રહી છે જેની અસર તમારા ખીસ્સા પર પણ થશે અને તમારા આયોજનો પર પણ થશે.

કેન્દ્રીય બજેટમાં જે નવી જોગવાઈ કરવામાં આવી છે તે પણ હવે તા.૧ એપ્રિલ એટલે કે નવા નાણાકીય વર્ષથી લાગુ થઈ જશે. જો રાહતની વાત કરીએ તો ફિક્સ ડિપોઝીટ- રીકરીંગ યોજનામાં રોકાણ કરનાર અને તેના પર આજની કમાણી કરનાર માટે હવે કરમુક્તિ મર્યાદા વધી ગઈ છે.

અત્યાર સુધી રૂા.૫૦૦૦૦ સુધીનું વાર્ષિક વ્યાજ તમારી આવકમાં કોઈ ટીડીએસ કપાતો ન હતો. નાણામંત્રી નિર્મલા સીતારામને તેને હવે ડબલ એટલે કે રૂા.૧ લાખ સુધીની તમામ એફડી-રીકરીંગ વ્યાજ કમાણી ટીડીએસ મુક્ત કરી છે.

સીનીયર સીટીઝનો સહિત જેઓ વ્યાજની કમાણી પર પોતાનું જીવન નિર્વાહ કરે છે તેઓને મોટી રાહત થશે. તેના પર કોઈ ટીડીએસ બેન્કો પણ કાપશે નહી. સામાન્ય નાગરિક જે સીનીયર સીટીઝનની વ્યાખ્યામાં આવતા નથી. તેઓ માટેની આ મર્યાદા રૂા.૪૦૦૦૦થી વધારીને રૂા.૫૦૦૦૦ કરી છે.

આ ઉપરાંત મકાન ભાડામાં પણ મોટી રાહત આપી છે. જેઓ ભાડાની ટીડીએસ મર્યાદા રૂા.૨.૪૦ લાખ હતી તે વધારીને રૂા.૬ લાખ કરી છે. ખાસ કરીને જેઓ પાસે બે પ્રોપર્ટી છે અને તેઓ તેમાંથી ભાડાની કમાણી કરે છે તેઓને હવે વધુ ભાડા આવકમાં ટીડીએસ કપાત નહી થાય. આ જ રીતે જેમના સંતાનો વિદેશમાં ભણે છે.

તેઓને અભ્યાસ ફી વિ. ખર્ચ માટે ભારતમાંથી મોકલાતા નાણામાં રૂા.૧૦ લાખ સુધીની રકમ તેઓ મોકલી શકશે જેના પર કોઈ ટીસીએસ- ટેક્ષ કલેકશન એટ સોર્સ નહી કપાય. જેઓ હાલ રૂા.૭ લાખ સુધીની મર્યાદા હતી તે વધારાઈ છે. ખાસ કરીને વિદેશમાં ભણવાનું મોંઘુ થયુ છે.

તેઓને આ રાહત છે. આ ઉપરાંત વિમા એજન્ટો અને બ્રોકરોની કમાણીમાં જે ટીડીએસ કપાત થાય છે તેમાં રાહત અપાઈ છે. અત્યાર સુધી એટલે કે આજે પુરા થતા નાણાકીય વર્ષથી રૂા.૧૫૦૦૦થી વધુની કમાણી પર ટીડીએસ લાગતો હતો. હવે તે રૂા.૨૦૦૦૦ (પ્રતિ વ્યવહાર) કરવામાં આવી છે.

આ ઉપરાંત લોટરી, ઘોડાદૌડ, વિ.ની કાનુની ગેમ્બલીંગ કમાણી પર રૂા.૧૦૦૦૦ સુધીની આવક સુધી કોઈ ટીડીએસ નહી કપાય. આ જ રીતે શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડની કમાણીમાં ટીડીએસ મર્યાદા રૂા.૫૦૦૦ થી વધારીને રૂા.૧૦૦૦૦ કરવામાં આવી છે.




પરંતુ હવે એ.ટી.એમ.નો વધુ પડતો ઉપયોગ મોંઘો પડશે. ૧ મે થી આ નવા નિયમો લાગુ થશે. રિઝર્વ બેન્કે આ માટે મંજુરી આપી દીધી છે.

તમારી બેન્ક જે એટીએમના ઉપયોગમાં ૪થી પાંચ વ્યવહાર નિશુલ્ક આપે છે તે બાદના દરેક વ્યવહાર પર રૂા.૨૧નો ચાર્જ પ્લસ જીએસટી લાગતો હતો તે હવે રૂા.૨૩ લાગશે. બીજી બેન્કના એટીએમનો ઉપયોગ પણ મોંઘો બન્યો છે તો લઘુતમ બેલેન્સ તમારે બેન્ક ખાતામાં ઓછામાં ઓછા કેટલા રૂપિયા રાખવા જરૂરી છે તેમાં પણ ફેરફાર આવી રહ્યો છે.

જેમાં હવે શહેરી ક્ષેત્રમાં રૂા.૫૦૦૦ ગ્રામીણ ક્ષેત્રમાં રૂા.૩૦૦૦નું લઘુતમ બેલેન્સ નિયમ લાગુ થશે તો વ્યાપારી વર્ગ માટે જીએસટી ઈ-ઈન્વોસ પ્રક્રિયામાં ફેરફાર થયા છે. હવે રૂા.૧૦ કરોડથી વધુ અને રૂા.૧૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વ્યાપારીઓએ બિલની તારીખથી ૩૦ દિવસમાં તે ઈ-ઈન્વોઈસ જીએસટીની નિયત વેબસાઈટ પર અપલોડ કરવા પડશે.

હાલ આ છુટ રૂા.૧૦૦ કરોડથી વધુના ટર્નઓવરમાં જ લાગુ હતી તો તમો કાલે કાર ખરીદવા જાવ તો મારૂતીથી ટાટા અને મહીન્દ્રાથી હુંડાઈ જ નહી. બીએમડબલ્યુ સહિતની કારના અનેક મોડેલ ૨થી૪% મોંઘા બની જશે.

# વારંવાર મેમો છતાં દંડ ન ભરતાં વાહનચાલકોની હવે ખેર નથી

## લાયસન્સ જપ્ત કરવા સુધીના પગલા લેવાશેઃ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ વધારી દેવામાં આવશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટ્રાફિકના ભંગ બદલ મળતો ઈ-મેમો હવે જારી થયાના ત્રણ મહિનાની અંદર ચૂકવવામાં નહીં આવે તો ડ્રાઈવિંગ લાયસન્સ રદ થઈ શકે છે. વધુમાં કાયદા અમલીકરણ એજન્સીઓ એક નાણાકીય વર્ષમાં ખરાબ ડ્રાઈવિંગ, ટ્રાફિક સિગ્નલનો ભંગ જેવા નિયમોનો ત્રણ વખત ભંગ કરશે તો તેમનું લાયસન્સ ઓછામાં ઓછા ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર માર્ગ અક્સ્માત અટકાવવા તેમજ મેમો પ્રત્યે નાગરિકોની બેદરકારીને ધ્યાનમાં લેતાં આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, ઘણા રાજ્યોમાં મોટાપાયે ટ્રાફિક મેમો ચૂકવવામાં આવી રહ્યા નથી. જેના લીધે મેમોના માધ્યમથી ખરાબ ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાનો ઉદ્દેશ સફળ થઈ રહ્યો નથી. જેથી સરકાર લાયસન્સ જપ્ત કરવાનું વિચારી રહી છે. વધુમાં જે લોકો પર ઓછામાં ઓછા બે ઈ-મેમો પેન્ડિંગ હોય તો તેમના વાહન પર ઈન્સ્યોરન્સ પ્રીમિયમ વધારી દેવામાં આવશે. સુપ્રીમ કોર્ટે હાલમાં જ ૨૩ રાજ્યો અને સાત કેન્દ્ર શાસિત પ્રદેશો પાસે રિપોર્ટ માગ્યો હતો કે, વ્હિકલ્સ એક્ટ હેઠળ મેમો આપવાનું સ્ટેટસ શું છે? આ એક્ટ હેઠળ સીસીટીવી કેમેરા લગાવવા, સ્પીડ ગન ચલાવવા તેમજ ઓટોમેટિક નંબર પ્લેટ રજિસ્ટ્રેશન સુવિધા શરુ થઈ છે કે કેમ? આ રિપોર્ટમાં ચોંકાવનારી સ્થિતિ નોંધાતાં કેન્દ્ર સરકાર આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે.

ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યારસુધીમાં વિવિધ રાજ્યોમાં ઈશ્યુ થયેલા મેમોમાં દેશની રાજધાની દિલ્હીનો રિકવરી રેટ માત્ર ૧૪ ટકા છે. જ્યારે કર્ણાટકમાં રિકવરી રેટ ૨૧ ટકા છે. બીજી તરફ રાજસ્થાનમાં ઈ-મેમો ચૂકવણી પ્રત્યે સૌથી વધુ ૭૬ ટકા નાગરિકો સજાગ છે.

બિહારમાં મેમો રિકવરી રેટ ૭૧ ટકા અને મધ્યપ્રદેશમાં ૬૬ ટકા છે. ઉલ્લેખનીય છે, ચાલુ કેલેન્ડર વર્ષમાં દિલ્હીમાં અત્યારસુધી કુલ રૂ. ૪૪૬૮ કરોડના ૫.૩ કરોડ ઈ-મેમો ઈશ્યુ થયા છે. જ્યારે



રાજસ્થાનમાં રૂ. ૨૩૩૩ કરોડના ૮૭.૭ લાખ ઈ-મેમો ઈશ્યુ થયા છે. ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ વ્હિકલના માલિક કે ડ્રાઈવરને ત્રણ દિવસની અંદર ઈ-મેમો નોટિસ મોકલવામાં આવશે. જેની ચૂકવણી ૩૦ દિવસની અંદર કરવાની રહેશે. જો ૩૦ દિવસની અંદર ચૂકવણી ન થાય તો કોર્ટ સમક્ષ મેમો રજૂ કરવામાં આવશે. તેમ છતાં ૯૦ દિવસની અંદર ચૂકવણી કરવામાં ન આવી તો ડ્રાઈવિંગ લાયસન્સ અથવા રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ (આરસી) પેમેન્ટ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવા ઓર્ડર આપવામાં આવશે.

# ભારતમાં ભૂકંપના ખતરા સામે ચેતવણી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મ્યાનમાર અને બેંગકોકમાં જબરજસ્ત નુકશાન પહોંચાડનાર ભુકંપની જડ સગાઈન ફોલ્ટ છે. આ ફોલ્ટને ઈન્ટરનેટ પર મેપથી સરળતાથી જોઈ શકાય છે. આઈઆઈટી કાનપુરનાં અર્થ સાયન્સ વિભાગનાં પ્રોફેસર જાવેદ મલિકે કહ્યું હતું કે સગાઈન ફોલ્ટ ખુબ જ ખતરનાક હોય છે.

સિલીગુડીમાં ગંગા-બંગાલ ફોલ્ટ છે. આ બન્ને ફોલ્ટની વચ્ચે અનેક અન્ય ફોલ્ટ લાઈન્સ છે. આ પરિસ્થિતિમાં એ આશંકાનો ઈન્કાર ન કરી શકાય કે એક ફોલ્ટની સક્રિયતા કોઈ બીજા ફોલ્ટને ટ્રિગર કરી દે.

લાંબા સમયથી ભૂકંપો પર સંશોધન કરી રહેલા પ્રો.જાવિદ મલીકે કહ્યું હતું કે સગાઈન ખૂબ જ જુનો ફોલ્ટ છે. નોર્થ



ઈસ્ટનો નશિયર ઝોનથ અરાકાનથી લઈને આંદામાન અને સુમાત્રા સબડકશન ઝોનનો ભાગ છે. સગાઈન ફોલ્ટ જમીનની ઉપર દેખાય છે. સાગાઈન પર જાપાની અને યુરોપીયન વિશેષજ્ઞોએ કામ કર્યું છે અધ્યયનમાં જાણવા મળ્યુ છે કે અહી ભૂકંપોની આવૃતિ ૧૫૦-૨૦૦ વર્ષ છે.ચીનમાં ભૂકંપની તીવ્રતા ૭.૯ બતાવાઈ છે. અમેરિકાની તુલનામાં ચીની આંકડો વધુ વિશ્વસનીય લાગે છે.

પ્રો જાવેદ મલિકે કહ્યું હતું કે આપણે મોટા ભૂકંપોની રાહ ન જોવી જોઈએ.હિમાલયમાં અનેક સક્રિય ફોલ્ટ લાઈનો છે.બધા લોકોએ ફ્રન્ટલ ભાગોમાં કામ કર્યુ છે. ફોલ્ટલાઈન ઉપર પણ છે.આપણે માત્ર પ્લેટ બાઉન્ડ્રીની આસપાસ જ ભૂકંપ ન જોઈએ. ઉપરથી પણ સિસ્મીક ગતિવિધીઓ ચાલુ છે. પૂર્વોતર અને કાશ્મીર સિસ્મીક ઝોન-૫ માં છે.

# ૯૦ દિવસ સુધી મોબાઈલ નંબર ઉપયોગ નથી કરતાતો ટેલિકોમ કંપની તે નંબર કોઈ બીજાને આપી દેશે

## જો મોબાઈલ નંબર બંધ હશે તો UPI સેવાઓ નહીં મળે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નવું નાણાકીય વર્ષ આવતીકાલે એટલે કે ૧લી એપ્રિલથી શરૂ થઈ રહ્યું છે. નાણાકીય વર્ષના પ્રથમ દિવસથી ઘણા મોટા ફેરફારો થઈ રહ્યા છે. જેની સીધી અસર લોકોના ખિસ્સા પર પડશે. આજકાલ લગભગ દરેક લોકો તેમના રોજિંદા કામમાં ઞઙઈ નો ઉપયોગ કરે છે. આવતીકાલથી તેને લગતા નિયમોમાં પણ મોટા ફેરફારો થઈ રહ્યા છે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ UPI વ્યવહારોની સુરક્ષા અને અસરકારકતા વધારવા માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ નિયમો ૧ એપ્રિલથી લાગૂ થઈ રહ્યા છે. આ મુજબ જો તમે ૯૦ દિવસ સુધી તમારો મોબાઈલ નંબર નથી વાપરતા તો ટેલિકોમ કંપની તે નંબર કોઈ બીજાને આપી શકે છે.

આનો અર્થ એ છે કે જો તમે જૂના મોબાઈલ નંબર સાથે UPI લિંક કર્યું છે અને તે નંબર સ્વિચ ઑફ છે, તો તમારું UPI ID પણ કામ કરશે નહીં. એટલે કે તમે ઞઙઈ સેવાઓનો ઉપયોગ કરી શકશો નહીં.

૧ એપ્રિલથી, બેંકો અને UPI એપ્સ અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત ગ્રાહકોના મોબાઈલ નંબર રેકોર્ડની તપાસ કરશે અને અપડેટ




કરશે, જેથી બદલાયેલા મોબાઈલ નંબરને કારણે ખોટા વ્યવહારો ન થાય.

બેંકમાં તમારો મોબાઈલ નંબર અપડેટ કરવો જેથી UPIસેવાઓ કાર્યરત રહે. જો નંબર તાજેતરમાં બદલાયો છે, તો ટૂંક સમયમાં બેંકમાં નવા નંબરની નોંધણી કરાવી. બેંક રજિસ્ટર્ડ નંબરનો ઉપયોગ કરવાનું ચાલુ રાખવો જેથી કરીને તે બંધ ન થઈ જાય અને UPI સેવાઓને અસર ન થાય.

NPCIએ તાજેતરમાં છેતરપિંડી ઘટાડવા માટે કલેક્ટ પેમેન્ટ સુવિધાને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. હવે આ સુવિધા માત્ર મોટા અને વેરિફાઈડ વેપારીઓ સુધી જ સીમિત રહેશે. વ્યક્તિગત વ્યવહારોમાં તેની મર્યાદા ઘટાડીને રૂ. ૨,૦૦૦ કરવામાં આવશે.

# બિલ્ડરના લોન ડિફોલ્ટર સંજોગોમાં ગ્રાહકના ફલેટને 'સીઝ' નહીં કરવા હાઈકોર્ટનો આદેશ

## ગુજરેરાનો મહત્વનો આદેશઃ આખરી ચુકાદા સુધી ૪૦ ગ્રાહકોના ફલેટ પરનો કબ્જો હટાવવા તાકિદ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં ગ્રાહકોને છેતરપીંડીથી બચાવવા માટે લાગુ કરાયેલા નરોરાથ કાયદાથી ગ્રાહક મુશ્કેલીમાંથી બચી જતા હોવાનો વધુ એક મહત્વનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જે અંતર્ગત બિલ્ડરના લોન ડિફોલ્ટર સંજોગોમાં ગ્રાહકના ફલેટને નસીઝથ નહીં કરવા આદેશ કરવામાં આવ્યો છે.

ગુજરેરા દ્વારા વડોદરાના એક કેસમાં આ પ્રકારનો ચુકાદો આપવામાં આવ્યો છે. બિલ્ડર દ્વારા પ્રોજેકટ પૂર્ણ કરાયો ન હતો અને લોનની ચુકવણી ન કરતા બેંકે પ્રોજેકટનો કબ્જો લઈ લીધો હતો. પ્રોજેકટમાં ફલેટ ખરીદનારા ૪૦ જેટલા ગ્રાહકોએ નગુજરેરાથનો સંપર્ક કરીને અપીલ કરવામાં આવી હતી જેમાં નિયમનકારે ખરીદેલી પ્રોપર્ટી પર ગ્રાહકોનો અધિકાર હોવાનું સ્પષ્ટ કરીને આ ફલેટ પરનો કબ્જો મુક્ત કરવા માટે બેંકને આદેશ કર્યો છે.

આ કેસના વકિલ મુસૈબ શેખે કહ્યું કે રેરાનો કાયદો ગ્રાહકોને છેતરપીંડી-કૌભાંડથી બચાવવા માટેનો છે અને જીવનભરની બચતથી ઘરના ઘરનું સ્વપન સાકાર કરતા ગ્રાહકોના હિતને સર્વોપરી ગણાવવામાં આવ્યુ છે. બેંક કરતા પણ ગ્રાહકોનો અધિકાર પહેલો છે.

પ્રોજેકટમાં બિલ્ડરે ફલેટ કરી નાખ્યા હોય અને પછી તે લોન ડિફોલ્ટ



થાય તો તેમાં ગ્રાહકોનો કોઈ વાંક ન હોવાનું ગુજરેરામાં સ્પષ્ટ કર્યુ છે. બેંકે કબ્જામાં લઈ લીધેલી પ્રોપર્ટી ગ્રાહકોને પરત કરવાનો આદેશ કર્યો હતો.

ગુજરેરાએ ચુકાદામાં નોંધ્યુ હતું કે કેટલાંક ગ્રાહકોએ તો વેચાણ દસ્તાવેજ પણ કરી લીધા હતા જયારે કેટલાંકના વેચાણ કરાર થઈ ગયા હતા. આ કેસમાં આખરી ચુકાદા સુધી બેંકને ૪૦ ફરિયાદીઓએ ખરીદેલા ફલેટ કબ્જે નહીં લેવાનો આદેશ કર્યો હતો.

# વીમા પોલીસીથી મળેલ મેડીકલેઈમની રકમ વળતરથી કપાત યોગ્ય નથીઃ હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

બોમ્બે હાઈકોર્ટે એક મહત્વના ફેસલામાં સ્પષ્ટ કર્યુ છે કે મેડીકલેમમાં પોલીસીની રકમને એકિસડેન્ટ પર મળેલા વળતરની રકમથી કાપી નથી શકાતી. હાઈકોર્ટની ત્રણ જજોની ફુલ બેન્ચે આ મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે.

બેન્ચ સામે એ પ્રશ્ન આવ્યો હતો કે મેડીકલ વીમા પોલીસી અંતર્ગત વીમાધારક (દાવો કરનાર)ને મળેલી રકમ, મોટર વ્હીકલ એકટ અંતર્ગત મળેલ વળતરથી સારવારનો ખર્ચ શું કપાત યોગ્ય છે? જસ્ટીસ એએસ ચંદુરકર, જસ્ટીસ મિલિંદ જાધવ અને જસ્ટીસ ગૌરી ગોડસેની બેન્ચે નિર્ણયથી સ્પષ્ટ કર્યું છે કે મેડીકલ વીમા પોલીસીથી મળેલ મેડીકલેઈમની રકમ વળતરથી કપાત યોગ્ય નથી.

મામલો એક મહિલા સાથે સંકળાયેલો હતો, જેને એકિસડેન્ટ કસમાં સારવારનો ખર્ચ મેડીકલેમ પોલીસીથી મળી ચૂકયો હતો. તેમ છતાં મોટર એકિસડેન્ટ કલેમ ટ્રિબ્યુનલે વળતરમાં પણ સારવારનો આપ્યો હતો. જેની સામે વીમા કંપનીએ વાંધો ઉઠાવ્યો હતો. બેન્ચે સ્પષ્ટ કર્યુ હતું કે મેડીકલેમ પોલીસીથી મળનારી રકમ પ્રીમીયમના પેમેન્ટનું રિટર્ન હોય છે. કઠોર મહેનતથી કમાયેલું ધન ઉપર્યુક્ત પેમેન્ટમાં લાગતું



હોય છે.

જે દુર્ઘટના થવા પર પરત કરવામાં આવે છે. બેન્ચે કહ્યું હતું કે મેડીકલેમની રકમનો વીમાધારકના નિધન બાદ તેના સંબંધી પોતાના માટે ઉપયોગ નથી કરી શકતો. જયારે મોટર વ્હીકલથી એકિસડેન્ટની સ્થિતિમાં મૃતકના પરિવારજનો માટે વળતરને કાનૂની અધિકાર બનાવાયું છે. ધારા ૧૬૬ અંતર્ગત આ અધિકારને મેડીકલેમ પોલીસી અંતર્ગત રકમમાં કપાતની મંજુરી દઈને ઘટાડી નથી શકાતી.

# સોના-ચાંદીના ભાવોમાં જબરજસ્ત તેજીઃ વિશ્વ બજારમાં પ્રથમવાર ૩૧૦૦ ડોલરને વટાવી ગયો

## ટેરિફ વોર ઉપરાંત અમેરિકા - ઈરાનનો નવો મોરચો ખુલતા જોરદાર તેજી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટ્રમ્પનાં ટેરિફ ટેરર વચ્ચે બીજી એપ્રિલથી ભારત સહિત દુનિયાભરનાં દેશોમાં ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે તે પૂર્વે સોના-ચાંદીના ભાવોમાં જબરજસ્ત તેજી છે. વિશ્વ બજારમાં આજે ભાવ પ્રથમવાર ૩૧૦૦ ડોલરને વટાવી ગયો હતો.

ભારતમાં પણ હાજર ભાવ સર્વોચ્ચ ઉંચાઈએ પહોંચ્યો હતો.વિશ્વ સ્તરે ટ્રેડવોરથી માંડીને યુદ્ધ સહિતનાં ભૌગોલીક ટેન્શનની સ્થિતિ દુર ન થાય ત્યાં સુધી સોનામાં તેજી જ બની રહેવાનો નિષ્ણાંતોનો સુર રહ્યો છે.

સોનાનો આંતર રાષ્ટ્રીય ભાવ આજે ૩૧૦૭ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. પ્રથમ વખત ૩૧૦૦ ડોલરને પાર થયો હતો.બીજી એપ્રિલથી શરૂ થનાર ટેરીફ વોરને કારણે દુનિયાભરનાં વ્યાપાર ક્ષેત્રમાં તીવ્ર પ્રત્યાઘાતો પડવાની આશંકા વ્યકત થતી હતી.આ સિવાય રશીયા-યુક્રેન યુદ્ધનો અંત આવતો નથી ત્યારે અમેરિકાએ ઈરાન સામે મોરચો ખોલતા બન્ને દેશો વચ્ચે હાકલા પડકારા શરૂ થયા છે. તેની પણ અસર હતી. કોમોડીટી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સોનાના ભાવમાં ચાલુ કેલેન્ડર વર્ષનાં પ્રથમ ત્રણ મહિનામાં ૧૮ ટકાનો ભાવ વધારો થઈ ગયો છે. વૈશ્વિક ઘટનાક્રમો વચ્ચે ઈન્વેસ્ટરો સોનાનો હેજ તરીકે ઉપયોગ કરવા લાગ્યા છે. આ પુર્વે ચાલુ માસના પ્રારંભે જ સોનાના ભાવોએ ૩૦૦૦ ડોલરની સપાટી વટાવી હતી. તેના આધારે ભૌગોલીક ટેન્શન, આર્થિક અનિશ્ચિતતા તથા ફૂગાવાના ખતરા જેવા કારણોનો ગભરાટ હોવાનું માલુમ પડયુ હતું.

સોનામાં એકધારી તેજીને પગલે બેંકો તથા એજન્સીઓ સોનાનાં ભાવનો ટારગેટ વધારવા લાગી છે. ચાલુ માટે અગાઉ ૩૧૦૦ ડોલરનો ટારગેટ મુકાયો હતો. તે હવે ૩૩૨૦ ડોલરનો કરી દેવાયો છે.

વૈશ્વિક કટોકટી થાય તે સોનાને સેફ હેવન જ ગણવામાં આવે છે. અને હેજ તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. બેંક ઓફ અમેરિકા, યુબીએસ, તથા ગોલ્ડમેન સારશ દ્વારા ભાવનો ટારગેટ વધારી દેવાયો છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ૨૦૨૩ ના અંતથી સોનાના



ભાવમાં તેજીનો દોર થયો છે અને હજુ તે ચાલુ છે. સોનામાં રોકાણ પ્રત્યે કયારેય નહિં આકર્ષાયેલા દુનિયાના નંબર વન ઈન્વેસ્ટર વોરેન બફેટ જેવા લોકોની પણ આંખો પહોળી થઈ ગઈ છે. એક વર્ષમાં સોનામાં ૩૮ ટકાનું વળતર મળ્યુ છે. દર ત્રીજા દિવસે ભાવ નવી ઉંચાઈએ પહોંચે તેવુ ભાગ્યે જ બનતુ હોય છે. દુનિયાભરમાં સર્જાયેલા અનિશ્ચિત માહોલ તથા ઉચાટનું ચિત્ર સ્પષ્ટ નહિં થાય ત્યાં સુધી સોનામાં તેજીનો માહોલ યથાવત જ રહી શકે તેમ છે.

સોનાનો આંતર રાષ્ટ્રીય ભાવ ૩૧૦૦ ડોલરને વટાવી ગયો હતો.ઘર આંગણે પણ નવી ઊંચાઈએ પહોંચ્યો હતો. રાજકોટમાં હાજર સોનું ૯૩૦૦૦ ને પાર થયુ હતું. પ્રતિ ૧૦ ગ્રામ રૂા.૬૦૦ ના ઉછાળાથી ૯૩૧૦૦ થયુ હતું.

# જામનગર ગુરૂ ગોવિંદસિંહ હોસ્પીટલમાં મશીનોનું લોકાર્પણ કરાયું



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની ગુરૂ ગોવિંદસિંહ સરકારી હોસ્પીટલમા ગોવા શિપયાર્ડ લી. ભારત સરકારનું સાહસ -સંરક્ષણ વિભાગ) ના કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબીલીટી હેઠળ હસમુખભાઈ હિંડોચાના પ્રયત્નોથી રૂા. ૫૦ લાખ જેટલી કિંમતના ત્રણ મશીનો પૈકી બ્લડ બેંક વિભાગને પ્લાઝમા બ્લાસ્ટ ફ્રીજર રૂા. ૧૯.૮૨ લાખ તથા મેડીસીન વિભાગને યુ.એસ.જી. વિથ ઈકો કાર્ડીયોગ્રામ બે નંગ કે જેની બંનેની સંયુક્ત કિંમત રૂા. ૨૯.૩૬ લાખ થાય છે. આમ, કુલ ત્રણ મશીનની કિંમત રૂા. ૪૯.૧૮ લાખ થાય છે.ઉપરોક્ત ત્રણે મશીનો જામનગરના સાંસદ પુનમબેન માડમનાં હસ્તે ભારત માતાનાં ફોટા સમક્ષ દિપ પ્રાગટ્ય કરી હોસ્પિટલના વહિવટકર્તાઓ તથા વિભાગીય વડાઓને સોંપવામાં આવ્યા. આ પ્રસંગે ગોવા શિપ યાર્ડ લી. ના કંપની સેક્રેટરી છાયાબેન જૈન તેઓના પતિ સૌરભ જૈન સાથે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જામનગરના મેયર વિનોદભાઈ ખિમસૂર્યા, જામનગર દક્ષિણનાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જામનગર ઉત્તરનાં ધારાસભ્ય રિવાબા જાડેજા, ભાજપ શહેર પ્રમુખ બિનાબેન કોઠારી, જીલ્લા પ્રમુખ ડો. વિનોદ ભંડેરી, હોસ્પિટલનાં સુપ્રિન્ટેન્ડન્ટ ડો. દિપક તિવારી, મેડીકલ કોલેજના ડીન ડો. નંદિની દેસાઈ, મેડીસીન વિભાગના વડા ડો. મનિષ મહેતા તથા હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ, કોર્પોરેશનના પદાધિકારીઓ, શહેર ભાજપના મહામંત્રીઓ સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.ગોવા શિપ યાર્ડ લી. કંપનીમાં ઈન્ડીપેન્ડ ડાયરેક્ટર તરીકે પોતાના કાર્યકાળમાં હસમુખ હિંડોચાના પ્રયત્નોથી જામનગરની ગુરૂ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલના જુદા જુદા વિભાગોને રૂપિયા એક કરોડ થી વધુની કિંમતના કુલ-૬ મશીનો આપવામાં આવેલ છે.

# ઉનામાં બાદશાહ મસ્જિદમાં રમજાનના તહેવાર નિમિત્તે દસ દિવસ એતે કાફનો કાર્યક્રમ રાખવામાં આવ્યો



મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના

ઉના શહેરમાં આવેલ બાદશાહ મસ્જિદમાં દસ દિવસ ઍતે કાફનો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં આ દસ દિવસ ખુદાની પાબંદી કરવામાં આવે છે આ દશે દિવસ ૧૭ લોકો આ ઍતેકાફ જોડાઈ છે અને ખુદાની પાબંદી કરે છે દર વર્ષે રમજાન આવે છે ત્યારે મુસ્લિમ બિરાદરો ઍતેકાફ માં જોડાય છે ત્યારે જેમાં ઓલ ગુજરાત ઘાચી સમાજ પ્રમુખ યુસુફભાઈ સોરઠીયા તેમજ મહેબૂબભાઈ પડાયા ઉપસ્થિત રહી અને તેઓને ઈનામ તેમજ સાલ ઓઢાડીને સન્માન કરે છે બાદશાહ મસ્જિદના મૌલાના હાજર રહે છે અને તેમાં મુસ્લિમ બીરાદરો તેઓને અવનવી ભેટ આપે છે તેમજ તેઓને મીઠાઈ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે અને અંતે આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવે છે

# ટંકારામાં લતીપર ચોકડી નજીક મળી આવેલ અજાણ્યા પુરૂષની લાશ અંગે વાલી-વારસની શોધખોળ

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા લતીપર ચોકડીથી લતીપર જવાના રોડ ઉપર આવેલ વજાબાપા ટી સ્ટોલ ખાતેથી મળી આવેલ અજાણ્યા પુરૂષની લાશની વાલીવારસની માહીતી આપવા ટંકારા પોલીસે અનુરોધ કર્યો છે.

મળતી વિગતો અનુસાર, તા-૨૯ માર્ચના રોજ ટંકારાની લતીપર ચોકડીથી લતીપર જવાના રોડ ઉપર આવેલ વજાબાપા ટી સ્ટોલ ખાતેથી ૧૦૮ એમ્બ્યુલન્સના ડ્રાઈવર એક અજાણ્યો પુરૂષ ઉવ. આશરે ૪૦ વાળાની ડેડ બોડી અત્રેની સરકારી હોસ્પિટલ ખાતે લાવેલ હોય જેના વાલીવારસ વિશે કોઈ હકિકત મળી આવ્યેથી ટંકારા પોલીસ સ્ટેશન મોબાઈલ નંબર- ૬૩૫૯૬ ૨૬૦૭૬ ઉપર સંપર્ક કરી માહીતી આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.



મળી આવેલ અજાણ્યા પુરૂષની ડેડબોડીની ઓળખની નીશાનીમાં, અજાણ્યા પુરૂષે શરીરે કાળા જેવો શર્ટ તથા કોટનનુ ગ્રે ક્લરનુ પેન્ટ પહેરેલ છે તથા ગળામા કાળો દોરો તથા જમણી બાજુ કાનમા પીળી ધાતુની કડી પહેરેલ છે તથા કમરે કાળા કલરનો રેન્જીનનો બેલ્ટ પહેરેલ છે.

ઉપરોક્ત અજાણ્યા પુરુષ વિશે કે વાલી વારસ અંગે માહિતી મળે તો ટંકારા પોલીસ મથક તેમજ પીઆઈ કે.એમ.છાસીયા મો.નં. ૬૩૫૯૬ ૨૬૦૭૫, હેડ કોન્સ. આર.એન.કણઝરીયા મો.નં- ૯૭૩૭૫ ૪૭૫૫૫ તથા મોરબી જીલ્લા કંટ્રોલ રૂમ મો.નં. ૭૪૩૩૯ ૭૫૯૪૩ ઉપર સંપર્ક કરી માહિતી આપવા અપીલ કરવામાં આવી છે.

# મોરબીમાં ડૉ.હસ્તીબેન મહેતાના ૧૬૫માં એકદિવસીય આરોગ્ય કેમ્પનું આયોજન



૨૯ માર્ચના રોજ ડો. હસ્તલેખાબેન (હસ્તી) મહેતાના ૧૬૫માં એકદિવસીય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ધી ગિબ્સન મિડલ સ્કૂલમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરાઈ, અને તેમને તંદુરસ્તી અંગે જાગૃતિ તેમજ ત્રણ દિવસની દવા આપવામાં આવી હતી. નાના એવા રુદ્ર દ્વારા પોતાના માતા-પિતા દ્વારા અપાયેલા ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી, બીજાને સેવા આપવાનો ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ત્યારે ડૉ. હસ્તલેખાબેન(હસ્તી) મહેતાના ૧૬૫માં એકદિવસીય આરોગ્ય કેમ્પમાં શાળાના આચાર્યા શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ, શ્રીમતી તૃપ્તિબેન સુવારિયા, શ્રીમતી આરતીબેન જોશી અને સમગ્ર શિક્ષક સ્ટાફે ખૂબ જ શિસ્તબદ્ધ અને તાલીમબદ્ધ રીતે સહકાર આપ્યો. આ કેમ્પ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરી, તેમનું સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે જરૂરી માર્ગદર્શન અને ત્રણ દિવસની દવા આપવામાં આવી હતી. કેમ્પના સફળ આયોજનમાં સહયોગી તરીકે રશ્મિનભાઈ દેસાઈ અને શ્રીમતી દર્શનબેન ત્રિવેદીએ સેવા આપી હતી.

# મોરબી કલેક્ટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

## જીલ્લાના પદાધિકારીઓએ વહીવટી તંત્રની જનહિતકારી કામગીરીની સરાહના કરી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન સહ ફરીયાદ સમિતિની બેઠક જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લા સંકલન સમિતિના વિવિધ પત્રકોની સમીક્ષા કરવામાં આવી હતી. ધારાસભ્યો દ્વારા રાજકોટ - મોરબી રૂટમાં બસની સંખ્યા વધારવા સહિતના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત જીલ્લામાં કોઈ અધિકારીઓ નાંણાકીય ઉચાપાત ન કરે તથા સામાન્ય જનતાને કોઈ પણ પ્રકારની હેરાનગતિ ન થાય તે બાબત પર ભાર મૂકી અધિકારીઓ દ્વારા કામગીરી કરવામાં આવે તેવી રજૂઆત પદાધિકારીઓ દ્વારા કલેક્ટરને કરવામાં આવી હતી. ત્યારે જનહિત માટે રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અન્વયે કાર્યક્ષમ કામગીરી કરવા જીલ્લા કલેક્ટરે વહીવટી તંત્રના તમામ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. વધુમાં તેમણે મચ્છુ-૨ ડેમના દરવાજા રીપેર કરવા બાબતે પણ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો કર્યા હતા.

મોરબી જીલ્લાના પદાધિકારીઓએ મોરબીમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ અન્વયે કરવામાં આવેલી તૈયારીઓ અને ઉત્કૃષ્ટ કામગીરી બાબતે વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. ઉપરાંત વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવતી પ્રજાહિત તેમજ જનકલ્યાણકારી કામગીરીની પણ સરાહના કરી હતી. આ બેઠકમા જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેઘી, ટંકારા-પડધરી ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, વાંકાનેર-કુવાડવા ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, મોરબી-માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ, નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફીસર તથા વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# હળવદના સુંદરગઢ ગામે જુગાર રમતા ૬ પત્તાપ્રેમી ઝડપાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે તાલુકાના સુંદરગઢ ગામે રેઈડ કરી જાગેરમાં ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા ૬ જુગારીને દબોચી લેવામાં આવ્યા હતા.



હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી.વ્યાસની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. અજીતસિંહ.એન.સીસોદીયા તથા સાથેની પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કોન્સ. સાગરભાઈ કુરીયા તથા પો.કોન્સ. વનરાજસિંહ રાઠોડને મળેલ સંયુક્ત બાતમી હકીક્ત આધારે સુંદરગઢ ગામે જુગાર અંગે રેઈડ કરવામાં આવી હતી, ત્યારે રેઈડ દરમિયાન જુગાર રમતા કુલ છ જુગારીને ઝડપી લેવામાં આવ્યા હતા, જેમાં જેરામભાઈ મેરાભાઈ ચરમારી રહે.નવા સુંદરગઢ તા.હળવદ, કુકાભાઈ ગોરધનભાઈ ચરમારી રહે.નવા સુંદરગઢ તા.હળવદ, મુકેશભાઈ ભીખાભાઈ લોલાડીયા રહે.શીરોઈ તા.હળવદ, ધારાભાઈ દેવશીભાઈ રાતડીયા રહે.કડીયાણા તા.હળવદ, મહેશભાઈ બાલાભાઈ જીંજવાડીયા રહે.પાંડાતીરથ તા.હળવદ તથા મેહુલ ઉર્ફે મુન્નો લાલજીભાઈ પાટડીયા રહે.સુંદરગઢ તા.હળવદ વાળાને રોકડા રૂ.૩૧,૬૨૦/- તથા જુગાર રમવાના સાહિત્ય સાથે પકડી પાડી, તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા મુજબનો ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

# રાજ્યના એસટી વિભાગે દોઢ વર્ષમાં ૩૫% ભાડું વધાર્યુઃ મુસાફરોએ કર્યો જોરદાર વિરોધ

**મુખ્ય સમાચાર વિજય રાડીયા ભાયાવદર**



ઉપલેટા તાલુકાના ગઢાળા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહિર દ્વારા ગુજરાત એસટી વિભાગે દોઢ વર્ષ પહેલા ભાડામાં ૨૫% ભાડું વધારે કરવામાં આવ્યું હતું ત્યારે બે દિવસ પહેલા એસટીમાં ૧૦% વધારો કરવામાં આવેલ છે આજે રાજ્યમાં કોઈ પણ વિરોધ પક્ષ આનો વિરોધ કરતું નથી ત્યારે ભાડા વધારા કરતા રહે છે ત્યારે આ બાબતે ઉપલેટા તાલુકાના ગઢાળા ગામમાં પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે નિવેદન કરીને જણાવેલ છે આજે એસ.ટી.એ ભાડા ઘટાડવા જોઈએ તેને બદલે ભાડા વધારેલ છે આજે પ્રાઈવેટ વાહન ની અંદર એસટી કરતા ભાડા ઓછા હોય છે ત્યારે એસ.ટી કેમ દિવસે ભાડા વધારતા જાય છે વધુમાં નારણભાઈ આહિરે જણાવેલ છે આજે ધારાસભ્યો પ્રધાનો તેમને મોંઘવારી દર વર્ષે વધારવામાં આવે તેમને મોંઘવારી વધારવાની કોઈ જરૂર નથી પરંતુ તેમના તમામ જે મોંઘવારી વધારેલ છે તે બિલકુલ ઘટાડી અને એસટી ભાડામાં ભાડા ઘટાડવા જોઈએ આ સરકાર ગરીબો ને લાભ થાય એવું કોઈ વિચારતા જ નથી આજે નેતાઓને કે ઉદ્યોગપતિને કેમ લાભ થાય તે જ આ સરકારનો નિર્ણય છે એસટીમાં આજે મુસાફરો પાસેથી ટોલ ટેક્સ ના પૈસા પણ ઉઘરાવવામાં આવે છે નાના બાળકોના ટિકિટ પણ લેવામાં આવે છે તે પ્રાઈવેટ વાહનોમાં લેવામાં આવતા નથી તેમજ આજે ટિકિટોમાં રાઉન્ડ ફીગર રાખવો જોઈએ રાઉન્ડ ફીગર ના હોવાને કારણે કંડક્ટરો અને મુસાફરોને અવારનવાર છૂટા બાબતે માથાકૂટ થતી હોય છે ત્યારે રાઉન્ડ ફિગર રાખવો જોઈએ તેવું અનેક મુસાફરો લેખિતમાં પણ જાણ કરેલ છે પરંતુ અમદાવાદ એસટી ડિવિઝન ના વડા કોઈ જાતનું જ્ઞાન ન હોય ભાન ન હોય તેવા અધિકારીઓ અમદાવાદ ડિવિઝનમાં બેઠા છે આજે મોટાભાગના ડેપોમાંથી પ્રાઈવેટ વાહનો વાળા ખુલ્લેઆમ મુસાફરોને પ્રાઈવેટ વાહનમાં લઈ જાય છે જેવા કે અમદાવાદ રાજકોટ જુનાગઢ વડોદરા જી.આર.એસ.ટી. ના અધિકારીઓને હ પ્તા ચૂકવવામાં આવે છે તેમજ ત્યાંના પોલીસને પણ હપ્તા પ્રાઈવેટ દ્વારા ચૂકવતા હોય જેને કારણે આજે એસટી તંત્ર બિલકુલ ખાડે ગયો છે આ ભાડું વધારો પાછો ખેંચવા નારણભાઈ આહિરે માગણી કરેલ છે

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત CEIR પોર્ટલ દ્વારા વાંકાનેર તાલુકા પોલીસની પ્રશંસનીય કામગીરી



તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત તાલુકા પોલીસ દ્વારા CEIR પોર્ટલનો ઉપયોગ કરીને ૨.૭૫ લાખની કિંમતના ૧૪ ખોવાયેલા/ચોરાયેલા મોબાઈલ શોધી કાઢી અને મૂળ માલિકોને પરત આપવામાં આવ્યા છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ નસ્ત્રતેરા તુઝકો અર્પણસ્ત્રસ્ત્ર કાર્યક્રમ અંતર્ગત પ્રજાહિત માટે કાર્ય કરવા સુચના આપી હતી, જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાના માર્ગદર્શન હેઠળ, વાંકાનેર તાલુકા પોલીસ મથક પીઆઈ ડી.વી. ખરાડીના સુપરવિઝનમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં વાંકાનેર પોલીસ સ્ટેશનના હેડ.કોન્સ. હંસાબેન પાપોદરા અને સર્વેલન્સ ટીમે CEIR પોર્ટલ પર નોંધાયેલા ગુમ થયેલા મોબાઈલની સતત મોનીટરીંગ અને ટેકનિકલ વિશ્લેષણ કરી ૧૪ મોબાઈલ ફોન, કુલ કિંમત રૂ. ૨,૭૫,૨૭૫/-ને સફળતાપૂર્વક શોધી કાઢી અને મૂળ માલિકોને પરત આપી પોલીસ પ્રજાની મિત્ર છે એ સૂત્રને વાંકાનેર તાલુકા પોલીસે સાકાર કર્યું છ

# મોરબી-જેતપર રોડ પર ઈંગ્લીશ દારૂના કટીંગ પહેલા એલસીબી ટીમ ત્રાટકીઃ૩૯.૦૫ લાખનો મુદામાલ કબજે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી-જેતપર રોડ પીપળી ગામ નજીક ઈંગ્લીશ દારૂનું કટીંગ થતું હોવાની પૂર્વ બાતમીને આધારે ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે રેઈડ કરી હતી, ત્યારે રેઈડ દરમિયાન પોલીસે સ્થળ ઉપરથી ટ્રકમાં માટીની આડમાં રહેલ ઈંગ્લીશ દારૂની ૧૮૦મીલી.ની કુલ ૩,૪૫૬ બોટલ, ટ્રક-ટ્રેલર, ઈનોવા કાર, ૪૧ ટન સફેદ માટી, અને વિવિધ દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન આરોપીઓ હાથ આવ્યા નથી, પરંતુ માલ મંગાવનાર મોરબીના શખ્સનું નામ ખુલ્યું હતું, હાલ એલસીબી પોલીસે ટ્રક ચાલક, ઈંગ્લીશ દારૂ મંગાવનાર તેમજ મોકલનાર તથા તપાસમાં ખુલ્લે તે આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલી કે મહેંદ્રનગર આઈ.ટી.આઈ.ની સામે જી.ઈ.બી પાછળ રહેતા ઉદયભાઈ જોરૂભાઈ કરપડાએ એક ટાટા ટ્રેઈલર નંબર-આરજે-૩૬-જીબી-૩૪૩૪ વાળીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ છે અને હાલ મોરબી જેતપર રોડ પીપળી ગામ નજીક આવેલ મનીષ કાંટા પાસે શિવ કોમ્પલેક્ષની પાછળ આવેલ માર્ક સીરામીક રો-મટીરીયલ્સ નામની ઓફીસની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં ઉદયભાઈ પોતાના માણસો સાથે મળી આ ટ્રક ટ્રેલરમાંથી ઈંગ્લીશ દારૂ અલગ-અલગ વાહનોમાં ભરી અને ઈંગ્લીશ દારૂનુ કટીંગ કરનાર છે. જે બાતમીને આધારે પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવી હતી, ત્યારે સ્થળ ઉપર ટ્રક ટ્રેઈલર તથા એક ઈનોવા ફોર વ્હીલ કાર રજી.નં. જીજે-૦૬-કેએચ-૨૪૩૫ મળી આવી હતી, ત્યારે બન્ને વાહનમાંથી વિદેશી દારૂની ૧૮૦મીલી. ની અલગ અલગ બ્રાન્ડની કુલ ૩,૪૫૬ બોટલ કિ.રૂ. ૩,૪૫,૬૦૦ તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૩૯,૦૫,૪૦૪/- નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો, આ સાથે પોલીસે માલ મંગાવનાર મોરબી મહેંદ્રનગર ઈંઝઈ સામે રહેતા ઉદયભાઈ જોરુભાઈ કરપડા, ટ્રક ચાલક તથા માલ મોકલનાર અને તપાસમાં ખુલ્લે તે તમામ આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# માળીયા(મી)ના રાસંગપર ગામના દીપ શનાળીયાએ ડોકટરની ડિગ્રી મેળવી ગામ અને પરિવારનું ગૌરવ વધાર્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) તાલુકાના રાસંગપર ગામના વતની દીપ શનાળીયાએ ગાંધીનગર ખાતેથી સર્જરી અને મેડીસીનમાં ડોક્ટરની ડિગ્રી મેળવી, પરિવાર અને ગામનું ગૌરવ વધાર્યુ છે. શિક્ષક દંપતી વિનેશભાઈ અને શારદાબેન શનાળીયાના પુત્ર દીપે લોકોની સેવા કરવાનો સંકલ્પ રાખી આ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.



કહેવાય છે કે, મજબૂત ઈરાદા હોય તો કોઈપણ પરિસ્થિતિ માર્ગમાં અવરોધરૂપ બનતી નથી. એ જ સાબિત કરી દેખાડ્યું છે માળીયા(મી) તાલુકાના નાના એવા રાસંગપર ગામના દીપ શનાળીયાએ, કે જેણે ડોક્ટર બની લોકોની સેવા કરવાની આકાંક્ષા સાથે પરિશ્રમ કરી અને સફળતા મેળવી હતી. તેમના માતા-પિતા શિક્ષણજગતમાં કાર્યરત હોય, તેવા સંસ્કારના પ્રભાવ હેઠળ દીપે વધુ પડતી મહેનત અને અભ્યાસ દ્વારા ડોક્ટર તરીકેનું અપેક્ષિત લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ રાસંગપર ગામ અને સમગ્ર શનાળીયા પરિવાર ગૌરવ અનુભવી રહ્યો છે. ત્યારે મોરબી જીલ્લામાંથી દીપ શનાળીયાને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# જામનગર એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે i-Hubઅમદાવાદનાં સહયોગથી આરોગ્ય ક્ષેત્રે સ્ટાર્ટઅપ્સ તથા ઉદ્યોગ સાહસિકતા વિષય પર સેમીનાર યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ, જામનગર ખાતે નસ્રશ -ઈીબસ્રસ્ર અમદાવાદનાં સહયોગથી હેલ્થકેરમાં સ્ટાર્ટઅપ્સ તથા ઉદ્યોગસાહસિકતા વિષય પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.બે સેશનમાં યોજાયેલ આ કાર્યક્રમમાં એમ.બી.બી.એસ.નાં વિધાર્થીઓ, પી.જી.ના વિધાર્થીઓ તથા સંસ્થા ખાતે ફરજ બજાવતા તજજ્ઞો મળી કુલ ૩૫૦ લોકો સહભાગી બન્યાં હતા. મેડિકલ તથા હેલ્થકેરમાં નવા રિસર્ચ થાય, નવી ટેકનોલોજીનો વિકાસ થાય, નવા સ્ટાર્ટઅપ ખોલી શકાય તેમજ ભવિષ્યમાં દર્દીઓને તેનો લાભ મળી શકે તે હેતુથી ઈનોવેશનના નોડલ ઓફિસર ડો.વિજય સાતાની અધ્યક્ષતામાં તથા તજજ્ઞ ડો.જીજ્ઞેશ વડગામાના સહયોગથી અ સમગ્ર કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.



i-Hub સંસ્થામાંથી આ પ્રોગ્રામમાં એક્સપર્ટ તરીકે કૃતિકા શર્મા, ડો.કર્ણવ પટેલ અને વત્સલ દીક્ષીતે હાજર રહીને પોતાના અનુભવો જણાવ્યા હતા.આ ઉપરાંત વર્ચ્યુઅલ માધ્યમથી ડો.રાઘવેન્દ્ર ભાલેરાવે પણ તેઓના સ્ટાર્ટઅપ વિશે જાણકારી આપી હતી. તમામ વકતાઓએ આરોગ્ય ક્ષેત્રે સ્ટાર્ટઅપ્સ તથા ઉદ્યોગસાહસિકતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તદુપરાંત સંસ્થા ખાતે અભ્યાસ કરી રહેલા તબિબિ વિધાર્થીઓએ પણ તેઓ દ્વારા શરૂ કરવામાં આવેલ નવા સ્ટાર્ટઅપ અંગેના અનુભવો જણાવ્યાં હતા.આ વિશેષ પ્રોગામ સંસ્થા ખાતેના વિધાર્થીઓ તથા તજજ્ઞોને મેડીકલ તથા હેલ્થકેરમાં ભવિષ્યમાં ખૂબ ઉપયોગી બની રહેશ તેમ ડીન તથા નોડલ ઓફિસરએ જણાવ્યું હતું.

# મોરબી પોલીસે ૪૧ ખોવાયેલા મોબાઈલ શોધી અરજદારોને પરત આપ્યા



મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે CEIR પોર્ટલનો ઉપયોગ કરી રૂ.૮,૩૭,૦૪૭/- ના કુલ ૪૧ ખોવાયેલા મોબાઈલ શોધી પતેરા તુઝકો અર્પણથ કાર્યક્રમ હેઠળ તમામ અરજદારોને પોલીસ મથકે બોલાવી સુપ્રત કરવામાં આવ્યા હતા. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ પ્રજા માટે કલ્યાણકારી કામગીરી કરવા સૂચના આપી હતી. જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક પી.એ. ઝાલાના માર્ગદર્શન હેઠળ, મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એસ. પટેલની સુપરવિઝન હેઠળ, ખોવાયેલા અથવા ચોરાયેલા મોબાઈલ શોધવા માટે ટીમે ગતિવિધિઓ તેજ કરી હતી. ત્યારે એ ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ ટીમના એ.એસ.આઈ રાજદીપસિંહ રાણાએ ઈઊઈંછ પોર્ટલમાં એન્ટ્રી કરી સતત મોનિટરિંગ કર્યું હતું. ત્યારે ટેકનિકલ વિશ્લેષણ અને સઘન શોધ કાર્ય દ્વારા કુલ ૪૧ મોબાઈલ ફોન જેની કુલ કિંમત ૮,૩૭,૦૪૭/-રૂપિયા હતી, તેને શોધી કાઢવામાં સફળતા મળી હતી. ત્યારે આ મોબાઈલ ફોન મૂળ-માલિકોને પરત આપી, મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે પોલીસ પ્રજાની મિત્ર છેસ્ત્રસ્ત્ર તે સુત્રને સાકાર કર્યું હતું.

# મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના કૃષિ તેમજ પશુપાલન વિભાગ અને રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળના કામો, જિલ્લા આરોગ્ય મિશન તથા વિવિધ ઝુંબેશની કામગીરી અંગે બેઠક યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે વિધાનસભા સત્રની સમાપ્તિ બાદ મંત્રી રાઘવજીભાઈ પટેલ પોતાના પ્રભારી મંત્રી તરીકેના જિલ્લાની મુલાકાતે સત્વરે આવી પહોંચ્યા હતા. અને જિલ્લામાં થઈ રહેલા આયોજનની સમીક્ષા કરી હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી એ.કે. ગૌતમે મંત્રી રાઘવજીભાઈનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું, અને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી મંત્રીને જિલ્લામાં થઈ રહેલા વિવિધ કામોના આયોજનથી વાકેફ કર્યા હતા.મંત્રીએ જિલ્લા આયોજન મંડળ હેઠળ થયેલા કામોની સમીક્ષા તેમજ જે કામોની મંજૂરી અપાયેલ છે, તેમને તાકીદે હાથ ધરીને પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ સાથે મંત્રીએ રાજકોટ જિલ્લાની પીવાના પાણીની સ્થિતિને તપાસતા ડેમમાં પાણીના જથ્થા, પાણી વિતરણની પરિસ્થિતિ તેમજ ઉનાળામાં સંભવિત અસર પામતા વિસ્તારો માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા થયેલ આયોજનની સમીક્ષા કરી હતી.

મંત્રી પટેલે આગામી ચોમાસાને ધ્યાને લઈ સિંચાઈના કામો, ચેકડેમની મરામત, પી.જી.વી.સી.એલ. દ્વારા થતી મેન્ટેનન્સની કામગીરી, સફાઈ,




તળાવના પાળાના રીપેરીંગ,પુલ તથા કોઝવેના કામો, ડામર રોડ, રીસર્ફેસિંગ, પેચ વર્ક, જાહેર રસ્તાઓની સાફ-સફાઈ, નવા રોડની મંજૂરી, જમીન માપણીને લગત કામોને અગ્રતા આપવા જણાવ્યું હતું. આ સાથે એનિમલ હાઉસ ખાતે પશુઓની કાળજી, કેચ ધ રેઈન અભિયાન હેઠળ વધુને વધુ ભૂગર્ભ જળસ્તર વધારવા કામગીરી કરવા ભાર મૂક્યો હતો. અને એપ્રિલના મધ્ય ભાગથી જ પ્રિમોન્સૂન કામગીરી હાથ ધરવા અધિકારીઓને સૂચના આપી હતી.


# ઠંડા ઠંડા કૂલ કૂલ : ભૂલકાઓના બાથ ટબનો ટ્રેન્ડ વધ્યો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ચૈત્ર મહિનો શરૂ થતા જ ગરમી નો પારો દિન પ્રતિદિન ચડી રહ્યો છે ઠંડા પીણા ની માગ વધી રહી છે અનેક સ્થળોએ ઠંડા પાણીના પરબ તેમજ છાશ કેન્દ્ર શરૂ થઈ ચૂક્યા છે ત્યારે મોટેરાઓ રાજકોટના તમામ સ્વિમિંગ પૂલમાં ધૂબકા મારવા લાઈન લગાવી છે તો બીજી તરફ નાના બાળકો પણ સ્વિમિંગનો આનંદ લઈ શકે તે માટે રાજકોટના રેસકોર્સ રિંગ રોડ પર અનેક પ્રકારના રંગબેરંગી પ્લાસ્ટિકના નાના સ્વિમિંગ બાથ ટબ મળી રહે છે જેનું હાલ ધૂમ વેચાણ થઈ રહ્યું છે

# રાજકોટમાં ફાલ્કન બસનું ધમાકેદાર લોન્ચિંગ






(તસ્વીરઃ આનંદ જાવિયા)

## રાજકોટ થી મુંબઈ અમદાવાદ સહિતના મુખ્ય શહેરો સાથે બસ સર્વિસ મારફત જોડાઈ મુસાફરોને આધુનિક સુવિધા પૂરી પાડશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ફાલ્કન ગ્રુપ, જે અગાઉ ઈગલ ગ્રુપનો ભાગ હતું, તેણે ઈન્દુકુમાર કોટક (ઈન્દુમામા) ના નેતૃત્વ હેઠળ પોતાની સ્વતંત્ર ઓળખ સ્થાપિત કરી છે. ગઈકાલે રાજકોટમાં ફાલ્કન બસ સર્વિસનુ ધમાકેદાર લોન્ચિંગ કરાયું હતું તેની સ્થાપનાથી, ફાલ્કને ૧૯૯૭ માં સ્થાપિત તેની પ્રારંભિક સેવા મુંબઈ-અમદાવાદ બસ સેવા પર નિર્માણ કરીને ઝડપથી તેની કામગીરીનો વિસ્તાર કર્યો છે. વૈભવી સફર, સલામત પરિવહન અને ઝડપી, વિશ્વસનીય કાર્ગો ડિલિવરી પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા સંચાલિત, ફાલ્કને પશ્ચિમ ભારતના મુખ્ય શહેરો, જેમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે, આ ત્રણેય રાજ્યોમાં તેની પહોંચને વિસ્તૃત કરી છે. બસ અને કાર્ગો સેવાઓના કંપનીના નવીન એકીકરણે તેના વિકાસને વેગ આપ્યો છે. અમદાવાદમાં ઈગલ ગ્રુપથી અલગ થયા પછી, ફાલ્કન રાજકોટમાં મુખ્ય એન્જિનિયરિંગ હબને તેના નેટવર્ક સાથે જોડવા માટે વિસ્તરણ કરી રહ્યું છે, જે અવિરત અને મુશ્કેલી-મુક્ત સેવાઓ સુનિશ્ચિત કરે છે.

તેના કાર્ગો કામગીરીને મજબૂત બનાવવા માટે, ફાલ્કને મેટોડા, શાપર, વાવડી અને મોટી ટાંકીમાં નવી શાખાઓ શરૂ કરી છે, જે ઑપ્ટિમાઈઝ્ડ લોજિસ્ટિક્સ માટે સફળ હબ-એન્ડ-સ્પોક મોડેલનો ઉપયોગ કરે છે.

ફાલ્કન ગ્રુપ તેના ગ્રાહકોની વધતી જતી માંગને પહોંચી વળવા માટે અસાધારણ સેવા પહોંચાડવા અને તેના નેટવર્કને વિસ્તૃત કરવા માટે સમર્પિત છે.

# સંગઠનમાં બાકી સ્થાનો પર પણ નિયુક્તિઃભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત ટૂંક સમયમાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં હવે સંગઠન નવરચના પ્રક્રિયાને અંતિમ તબકકામાં લઈ જતા ભાજપે બાકી રહેલા વોર્ડથી લઈને શહેરોના અને તાલુકાના ૩૧ પ્રમુખોની પસંદગી ગઈકાલે જાહેર કરીને હવે એકમાત્ર પ્રદેશ પ્રમુખની પસંદગી પર તપાસનું ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

બીજી તરફ જયાં અગાઉ શહેર-જીલ્લા-તાલુકા પ્રમુખો નિયુક્ત થયા હતા ત્યાં હવે વોર્ડ અને તાલુકા કક્ષાના સંગઠનની નવરચનાનો બીજો તબકકો પણ શરૂ કર્યો છે. એક તબકકે નવા પ્રમુખના આગમન બાદ થશે પણ હવે ગઈકાલે ઓચિંતા જ આ નિમણુંકથી હવે પ્રદેશ પ્રમુખની નિયુક્તિ આ સપ્તાહમાંજ થશે તે સ્પષ્ટ થઈ ગયું છે.

લાંબા સમયથી આ પ્રકારે નિયુકતી માટેની ચર્ચા હતી. સૂત્રોના જણાવ્યા મુજબ ટુંક સમયમાંજ પ્રદેશ પ્રભારી અને કેન્દ્રીય મંત્રી શ્રી ભુપેન્દ્ર યાદવ ગુજરાત આવશે. હાલ વિધાનસભાનું સત્ર પણ પુરુ થઈ ગયું છે અને સંસદનું સત્ર પણ તા.૪ના રોજ પુરુ થવા જઈ રહ્યું છે તે સમયે તા.૬ના રોજ ભાજપના સ્થાપના દિન પુર્વે જ નવા પ્રદેશ પ્રમુખ મળે તેવી ધારણા છે.


ગુજરાતમાં આ સાથે મંત્રીમંડળના વિસ્તરણની પણ ચર્ચા છે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ પહેલા સંગઠનમાં નવા પ્રદેશ પ્રમુખ નિયુક્ત થયા બાદ એપ્રિલના મધ્યમાં મંત્રીમંડળ વિસ્તરણ થશે. એપ્રિલના મધ્ય બાદ ભાજપની નેશનલ કાઉન્સીલની બેઠક મળનાર છે અને તે પુર્વે નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી થઈ જશે.



વડાપ્રધાનની નાગપુર યાત્રા પણ સંપન્ન થઈ છે અને મોદીએ જે રીતે આરએસએસના કાર્યની પ્રશંસા કરીને પણ એક સંદેશ છે અને આગામી દિવસોમાં ભાજપ સંઘ વચ્ચેના સંબંધો અંગે જે ચર્ચા હતી તેનો પણ આ સાથે અંત આવી ગયા છે.

દિલ્હીમાં ભાજપે જે રીતે સતા મેળવી પછી તેનો આત્મવિશ્વાસ વધી ગયો છે અને આગામી દિવસોમાં તે વિપક્ષો પ્રત્યે પણ વધુ આક્રમક બને તો આશ્ચર્ય થશે નહી.

# રામેશ્વરમ ખાતે નવા પંબન બ્રિજના ઉદઘાટન પહેલા સફળ ટ્રાયલ-રિહર્સલ



પંબન બ્રિજ અને રામેશ્વરમ ખાતે,રેલ્વે,કોસ્ટ ગાર્ડ, રાજ્ય વહીવટીતંત્ર અને પોલીસના અધિકારીઓએ ૨૯ માર્ચ ૨૦૨૫ ના રોજ નવા પંબન બ્રિજના ઉદઘાટનનું રિહર્સલ કર્યું. કોસ્ટ ગાર્ડ જહાજને પસાર થવા દેવા માટે શેર્ઝર સ્પાન સાથેનો જૂનો પંબન બ્રિજ પણ ખોલવો પડ્યો. રિહર્સલમાં સમયને સિન્ક્રોનાઈઝ કરવા માટે જૂના અને નવા પમ્બન બ્રિજને ખોલવાનો સમાવેશ થાય છે, અને કોસ્ટ ગાર્ડ જહાજને નવા બ્રિજના ખુલેલા લિફ્ટ સ્પાનની નીચે બીજી બાજુ ક્રોસ કરવાની મંજૂરી આપ્યા પછી, સમય જોવા માટે નવા પુલનો ઉપાડેલો ભાગ નીચે ઉતારવામાં આવ્યો હતો. નવા પુલનો લિફ્ટ સ્પાન નીચે કર્યા પછી, સમય ચકાસવા માટે પંબન છેડાથી મંડપમ છેડા સુધી અને મંડપમ છેડાથી પંબન છેડા સુધી પંબન પુલ પર ટ્રેન ચલાવવામાં આવી હતી. અધિકારીઓએ તારણ કાઢ્યું હતું કે પરીક્ષણો સફળ રહ્યા હતા.

# મુસ્લિમ સમાજ દ્વારા ઈદ-ઉલ-ફિત્રની કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઉજવણી

## મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ અને મસ્જિદોમાં વિશેષ નમાઝ અદા કરી પરસ્પર એકબીજાને ગળે મળી ઈદની મુબારકબાદી પાઠવી








(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત રાજયભરમાં આજે મુસ્લિમ સમાજ દ્વારા કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઈદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ)ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈદગાહ અને મસ્જિદોમાં મુસ્લિમ બિરાદરોએ વિશેષ નમાઝ અદા કરી દેશની એકતા, અખંડીતતા અને પ્રગતિ માટે દુઆ માંગી હતી. તેમજ પરસ્પર એકબીજાને ગળે મળી મુસ્લિમ બિરાદરોએ ઈદની મુબારકબાદી પાઠવી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે પવિત્ર રમઝાન માસમાં આ વખતે ૨૯ રોઝા થયા છે. ગઈકાલે સાંજે ચંદ્રદર્શન થતા આજે ઈદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ)ની ઉજવણી કરવામાં આવી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરોએ રોઝા રાખી ખુદાની બંદગી કરી હતી તેમજ ગરીબોને જકાત ખેરાત કરી પુણ્યનું ભાથુ બાંધેલ હતું. આજે ઈદ-ઉલ-ફિત્ર પ્રસંગે મસ્જિદોને રોશનીનો શણગાર કરવામાં આવેલ હતો. દર વખતની જેમ આ વખતે પણ રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરોની સાથે હિન્દુ સમાજના અનેક સદસ્યોએ પણ હરણી રોઝુ રાખેલ હતું. આ વખતે શુક્રવાર અને હરણી રોઝુ એક સાથે આવતા મુસ્લિમ સમાજનો ઉત્સાહ બેવડાયો હતો. રાજકોટમાં સદર ઈદગાહ શહેર ઈદગાહ અને શહેરની ૪૪ ઈદગાહમાં મુસ્લિમ બિરાદરોએ ઈદની વિશેષ નમાઝ અદા કરી હતી. રમઝાન માસ દરમિયાન ઠેર ઠેર ઈફતારના કાર્યક્રમો યોજાયા હતા.

# સાયબર ફ્રોડ ડિટેકશન અને રીસર્ચ માટે કામ કરતી રાજકોટની સાયબર સેન્ટીનલ લેબ

## પાયલ મેટરનિટી હોસ્પિટલ કેસમાં આરોપીનું લોકેશન, રાજકોટ પત્રિકા કાંડમાં આરોપીને શોધવામાં સોફ્ટવેરની મદદથી મેળવી સફળતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**
આલેખનઃ રાજકુમાર

આપણે સોશિયલ મીડિયા પર જે માહિતી શેર કરીએ છીએ, કે કમ્પ્યુટર અથવા મોબાઈલ ડિવાઇસમાં જે માહિતી સ્ટોર કરીએ છીએ, તે કેટલી સલામત છે ? બદલાતા ટેક્નોલોજીના સમયમાં આ પ્રશ્ન અનુત્તર છે, ત્યારે સલામતીની દ્રષ્ટિએ આપણે સતત સાવચેત અને અપડેટ થવું જરૂરી છે. રોજબરોજ સાયબર ક્રાઈમ સંબંધી ગુનાઓ વધી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકાર પણ લોકોને સુરક્ષિત રાખવા અને તેઓને થયેલ નુકશાન ભરપાઈ કરવા શક્ય તમામ પ્રયત્ન હાથ કરવા કટિબદ્ધ છે.

આધુનિક ટેક્નોલોજીના સહારે સાયબર ફ્રોડ ડિટેકશન અને રીસર્ચ માટે રાજકોટ ખાતે ગુજરાતની પ્રથમ અદ્યતન નસાયબર સેન્ટીનલ લેબથ ને ગૃહ રાજ્યમંત્રી

હર્ષ સંઘવીના હસ્તે ગત જાન્યુઆરી માસમાં ખુલ્લી મુકવામાં આવી હતી. ગુજરાતની આ પ્રથમ લેબ પોલીસ વિભાગ અને લોકભાગીદારી થકી કાર્યરત છે, જેમાં સાયબર એક્સપર્ટની ટીમ ઉપરાંત, પોલીસ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મદદરૂપ બની રહ્યા છે.

લેબ થકી સાયબર ગુનાનો ભેદ ઉકેલવામાં સરળતા વધી હોવાનું એ.સી.પી. ચિંતન પટેલે જણાવી કહ્યું હતું કે, સાયબર ફ્રોડ મુખ્યત્વે બે પ્રકારના હોય છે. એક સોશિયલ મીડિયા અને બીજો ફાયનાન્શિયલ નુકશાનકર્તા. આ લેબ થકી આજ સુધીમાં ૨૭ જેટલા કેસમાં આરોપીના લોકેશન, પ્રોફાઈલ સહિતના ઈન્વેસ્ટિગેશનમાં સફળતા મળી છે. જેમાં હાલમાં પાયલ મેટરનિટી હોસ્પિટલ કેસમાં સંકળાયેલા આરોપીના લોકેશન મેળવવામાં તેમજ રાજકોટ પત્રિકા કાંડમાં આરોપી શોધવામાં સોફ્ટવેરની મદદ લેવામાં આવી હોવાનું એ.સી.પી. પટેલ જણાવે છે.

લેબ ઈન્ચાર્જ પી.આઈ. નિમાવત લેબની વિશેષતા જણાવતાં કહે છે કે, અહીં લેબમાં મુખ્ય ત્રણ વિભાગ છે. જેમાં એક ટ્રેનિંગ સેન્ટર, બીજું ઈન્વેસ્ટીગેશન સેન્ટર કે જ્યાં સાયબર ફ્રોડ અંતર્ગત જરૂરી કામગીરી કરવામાં આવે છે. જયારે ત્રીજો વિભાગ કે જેમાં રિસર્ચ કરવામાં આવે છે. લેબમાં ઉપલબ્ધ સોફ્ટવેર અંગે માહિતી આપતાં તેઓ જણાવે છે કે, ડીવાઈસમાંથી ડેટા રીકવરી અર્થે સાયબર લેબ ખાતે લાઈસન્સ ધરાવતા યુફેડ, રીવર્સ એન્જીનીયરીંગ, મેલ એક્ઝામિનર, એમ્પેડ જેવા આઠ જેટલા આધુનિક સોફ્ટવેર કાર્યરત છે. જે જરૂર પડ્યે મોબાઈલની ઈમેજ બનાવી જરૂરી ડેટા કાઢી આપે છે, ક્લાઉડ ડેટા સ્ટોરેજ એક્સટ્રેક્ટર થકી ઓનલાઈન ડેટા મેળવી શકાય છે. મોબાઈલ કે સી.સી.ટી.વી. ઈમેજ કે ફુટેજનું ક્લિનીંગ કરી શકે છે. આ ઉપરાંત, વેબ સાઈટ બગ શોધવા, એપલ ઓપરેટિંગ સિસ્ટમ આધારિત ડીવાઈસના ડેટા એક્સટ્રેક્ટ કરવા માટે પણ આ સોફ્ટવેર ઉપલબ્ધ છે. આ કામગીરીમાં ત્રણ સાયબર સિક્યોરિટી એક્સપર્ટસ, વાયરલેસ પી.આઈ., પી.એસ.આઈ. સહીત ૧૦ પોલીસનો સ્ટાફ કાર્યરત છે.

લોભામણા પ્રલોભનો અને બેદરકારીથી સાયબર ક્રાઈમમાં સતત વધારો



થઈ રહ્યો છે. જેમાં સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થવું, ત્યાર બાદ તેમને બ્લેકમેલ કરવા જેવા ગુનામાં સતત વધારો થઈ રહ્યો છે. જયારે ફાયનાન્સિયલ ફ્રોડમાં ઓનલાઈન પૈસા મેળવી લેવાના કિસ્સાઓ વધી રહ્યા છે. સાયબર ફ્રોડથી બચવા ટિપ્સ આપતા એ.સી.પી. શ્રી પટેલ જણાવે છે કે, સાયબર ફ્રોડથી બચવા લોકોએ જાગૃત બનવું પડશે. વોટ્સએપ, ટેલિગ્રામ સહિતના ઓનલાઈન કોલ શંકાસ્પદ લાગે ત્યારે આવા કોલ પર જવાબ આપવાનું ટાળવું. હંમેશા સાદા કોલ પર જ વાત કરવી. આજકાલ સૌથી વધુ ફોન શેર બજારમાં બમણી આવક, ઓનલાઈન ટાસ્ક, રેટિંગ આપવા જેવી લોભામણી જાહેર ખબર અને સ્કીમ વગેરેના આવતા હોય છે. આવા કોલ વખતે કોઈ જાણીતી વ્યક્તિનો રેફરન્સ હોય તો જ કોલ અટેન્ડ કરવો, શક્ય હોય તો ફિઝિકલ વેરિફિકેશન બાદ જ તેમાં વિશ્વાસ કરવો. ખાસ કરીને ઈ-મેલ અને સોશિયલ મીડિયા એકાઉન્ટના પાસવર્ડ સ્ટ્રોંગ રાખવા તેમજ શક્ય હોય ત્યાં સુધી ટુ-સ્ટેપ વેરિફિકેશન ઓપ્શન રાખવો. ક્રેડિટ કાર્ડ સંબંધી માહિતી ક્યારેય ઓનલાઈન શેર ન કરવી. સોશિયલ મીડિયા પર અંગત વાત શેર ના કરવી.

રાજકોટ ખાતે લોક ભાગીદારીથી આશરે પાંચ કરોડના ખર્ચે નિર્મિત લેબનું પરાજકોટ સીટી સાયબર સિક્યુરિટી સોસાયટીથ નામનું ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે. જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશનર, રાજકોટ શહેર જોઈન્ટ પોલીસ કમિશનર, રાજકોટ ડી.સી.પી. ક્રાઈમ તેમજ રાજકોટ શહેર એ.સી.પી. સાયબર ક્રાઈમ અને અન્ય શ્રેષ્ઠીઓઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાયબર ક્રાઈમ વિભાગના ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શનમાં લેબના તજજ્ઞની મદદથી સાયબર ક્રાઈમ કરતા ગુનેગારોને પકડી પાડવામાં વિભાગ સતત સફળતાપૂર્વક આગળ વધી રહ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આજી નદીમાં દબાણ દૂર કરવામાં તંત્ર વાહકો નિષ્ફળ: રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ અભેરાઈએ ચડાવ્યો

## આજી રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ ૨૦૧૪માં સરકારે મંજૂર કર્યો હતો જયારે ૧૮૭ કરોડનું બજેટ ૨૦૨૩માં મંજૂર કરાયા બાદ પણ પ્રોજેક્ટ પડતો મુકાયો



આજી નદીનો રિવરફ્રન્ટ મંજૂર થતા રાજકોટવાસીઓ ખુશ થયા હતા પરંતુ અભેરાઈએ ચડાવી દીધેલા આજી રિવરફ્રન્ટના પ્રોજેક્ટના કારણે ગંદકી અને મચ્છરનો ત્રાસ રાજકોટવાસીઓ સહન કરી રહ્યા છે



રાજકોટવાસીઓનું રિવરફ્રન્ટ નું સપનું ૨૦૧૪ થી માત્ર સપનું જ રહ્યું : મનપાતંત્ર કુંભકર્ણ નિંદ્રામાં: આ સ્વપ્ન ક્યારે પુરૂ થશે તે હવે ભગવાનને બદલે તંત્ર જાણે...!!!

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સત્તાધારી પક્ષ ના પદાધિકારીઓના વિસ્તારોમાં વિકાસના કામો પૂરજોશમાં શરૂ કરવામાં આવ્યા હોય પરંતુ શહેરના વોર્ડ નંબર ૧૫ માં વિકાસના કાર્યો કરવામાં તંત્ર વાહકો અને સત્તાધારી પક્ષ દ્વારા ઓરમાયું વર્તન કરવામાં આવતું હોય તેવો ઘાટ દેખાઈ રહ્યો છે શહેરમાં ઠેર ઠેર વિકાસના કાર્યો ને વેગ મળી રહ્યો છે પરંતુ છેલ્લા ૧૫ વર્ષથી વોર્ડ નંબર ૧૫માં કોંગ્રેસ ની સત્તા હોય જાણે આ વાત સત્તાધારી પક્ષને ખૂપી રહી હોય તેમ વોર્ડ નંબર ૧૫માં વિકાસના કાર્યોને મહત્વ આપવામાં આવતું ન હોય તેવું લાગી રહ્યું છે ૨૦૧૪ માં આજી નદી માં રિવરફ્રન્ટ બનાવવા માટે નો પ્રોજેક્ટ મંજૂર થયો હોય પરંતુ વોર્ડ નંબર ૧૫ માં આ પ્રોજેક્ટ આવતો હોય અને જાણે સત્તાધારી પક્ષ દ્વારા આ પ્રોજેક્ટને કોઈ મહત્વ આપવામાં ન આવ્યું હોય જેના કારણે આ પ્રોજેક્ટ અભેરાઈએ ચડાવી દેવામાં આવ્યો હોય તેવું લોક મૂખે ચર્ચા રહ્યું છે. આજી નદીના રિવરફ્રન્ટ ની માહિતી અને તેનો ભૂતકાળ તપાસી હતો આ પ્રોજેક્ટ સરકાર દ્વારા ૨૦૧૪માં મંજૂર કરવામાં આવ્યો છે અમદાવાદમાં બનાવવામાં આવેલા રિવરફ્રન્ટ અને ત્યારબાદ થયેલા વિકાસ ને ધ્યાન રાખી રાજકોટમાં પણ આજી નદી માં રિવરફ્રન્ટ બનાવવાનું સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું હોય પરંતુ બજેટ ના કારણે અને આજી નદીના બંને કાંઠે દબાણ કરવામાં આવ્યું હોય જેથી આ પ્રોજેક્ટ આજ દિન સુધી શરૂ થયો નથી.

૨૦૧૪માં મંજુર થયેલા રિવરફ્રન્ટ નું બજેટ ૨૦૨૩ માં ૧૮૭ કરોડનો ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો પરંતુ રિવરફ્રન્ટ નો પ્રોજેક્ટ શરૂ થાય તે પહેલા તંત્ર વાહકોને દબાણ દૂર કરવામાં નિષ્ફળતા સાપડી હોય તેવું લાગી રહ્યું છે દમણ કરતાં ઓના પાકા મકાન હોય અને તેઓને વૈકલ્પિક જગ્યા ફાળવવા અંગે સરકાર દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી પરંતુ ૯૦ ટકા લોકો જે દબાણ કર્યું છે તે લોકોના પાકા મકાન હોય જેના કારણે આ પ્રોજેક્ટ કાચબાની ગતિએ ચાલી રહ્યો હોય તેવું મનાઈ રહ્યું છે.

આજી રિવરફ્રન્ટ નો પ્રોજેક્ટ નો કારભાર સંભાળતા ઈજનેર પરેશ અઢિયા સાથે મુખ્ય સમાચારની ટીમે કરેલી વાતચીતમાં જાળવવા મળ્યું હતું કે હાલ આ પ્રોજેક્ટ અમદાવાદની એચસીપી ખાનગી કંપનીને રોકવામાં આવ્યો છે અને આ કંપની દ્વારા પ્રોજેક્ટ તૈયાર કરી એક મહિનાની અંદર ટેન્ડરની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે આવનારા દિવસોમાં આજી રિવરફ્રન્ટ નું કામ ક્યારે શરૂ થાય તે હવે રાજકોટ વાસીઓને જોવાનું રહેશે.

### ૧.૧ કિલોમીટરનો રિવરફ્રન્ટ બનાવવા માટે અમદાવાદની કંપનીને પ્રોજેક્ટ સોંપાયો: એક મહિનાના સમય ગાળામાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

## પોલીસ, મહાનગરપાલિકા, અને કલેક્ટર તંત્રને આજી નદીમાં જમીન માફિયાઓએ કરેલા દબાણ શું નજરે નથી પડતા...???




(તસ્વીરઃ આનંદ જાવિયા)



રાજકોટ શહેરમાં વિકાસના કાર્યો સત્તાધારી પક્ષ દ્વારા કરવામાં આવતા હોય તેવા ખૂબ ઉદાહરણો અને બુમરાળા પાડતા પદાધિકારીઓ અનેકવાર જોવા મળી રહ્યા છે પરંતુ રાજકોટની પ્રજા માટે સરકાર દ્વારા ૨૦૧૪માં મંજૂર થયેલો આજી રિવરફ્રન્ટ નો પ્રોજેક્ટ અભેરાઈએ ચડાવી દેવામાં આવ્યો છે તે દેખાતું ન હોય તેવું લાગી રહ્યું છે ગુજરાત પોલીસ વડા દ્વારા સો કલાકમાં ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા અને નકર પગલાં લેવા ની સૂચના આપ્યા બાદ ગુજરાતમાં ઠેર ઠેર જગ્યાએ ગુનેગારો દ્વારા કરવામાં આવેલા દબાણો દૂર કરવામાં આવ્યા છે પરંતુ રાજકોટ શહેર પોલીસ રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ જિલ્લા કલેકટર તંત્રને આજી નદીમાં ગુનેગારો દ્વારા કરવામાં આવેલા દબાણો કેમ નજરે પડતા નથી તે એક મોટો સવાલ ઊભો થયો છે આજી નદીના કાંઠે જંગલેશ્વર નવયુગ પરા રામનાથ પરા ચુનારાવાડ થોરાડા આજી જીઆઈડીસી સહિતના નદીકાંઠાના વિસ્તારોમાં ઠેર ઠેર દબાણો કરવામાં આવ્યા છે જેમાં મોટાભાગના દબાણ તો ગુનેગારો દ્વારા જ કરવામાં આવ્યા હોય તેવું લોકો દ્વારા ચર્ચા રહ્યું છે પરંતુ તંત્ર આવા લોકો સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ ન મળ્યું હોય તેવો ઘાટ દેખાઈ રહ્યો છે

## આજી નદીમાં દબાણ કરનાર વગદાર સામે લાજનો ઘૂમટો તાણતું મનપાતંત્ર





(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરની ભાગોળે આજી નદીમાં રિવરફ્રન્ટ બનાવવાનું મંજૂરી ૨૦૧૪માં સરકાર દ્વારા આપવામાં આવી હોય પરંતુ આજી જીઆઈડીસી માં આવેલ નદીના કાંઠે કારખાના વાળાઓએ ખૂબ મોટું દબાણ કર્યું હોય પરંતુ મહાનગરપાલિકા તંત્ર દ્વારા આ દબાણ દૂર કરવામાં વામણું સાબિત થયું છે કારણ કે જે કારખાનેદાર લોકોએ દબાણ કર્યું છે તેઓ મોટા માથાઓ અને વગદાર લોકો સાથે બેઠક ઉઠક હોય જેના કારણે આ દબાણ દૂર કરવામાં આવતું ન હોય તેવું લોકોમાં ચર્ચા રહ્યું છે અને મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આ દબાણ કરતા ઓછા સામે લાજનો ઘૂમતો જાણવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે

# ભારતનગરની ક્રુર માતાએ માસૂમ પુત્રની હત્યા કરી લાશ કૂવામાં ફેંકી દીધાનું ખુલ્યું

## પતિ-પત્ની વચ્ચે બાળક પ્રેમીનું હોવાને લઈને ઝઘડો થતો હોવાથી હત્યા કરી હોવાનું બહાર આવ્યું: થોરાળા તથા એરપોર્ટ પોલીસે મળીને બે વર્ષના બાળકના મોત પરથી પડદો ઉંચક્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પાશણ હૃદયની માએ પોતાના જ બે વર્ષના ફૂલ જેવા માસૂમ પુત્રની હત્યા કરી લાશ કુવામાં ફેંકી દીધાના એક માસથી ધરબાયેલા કિસ્સાનો ભેદ આજે થોરાળા પોલીસ અને એરપોર્ટ પોલીસે ઉકેલ્યો છે. પુત્રની હત્યામાં મહિલાને સકંજામાં લઈ મહિલાને તેના પ્રેમીએ આ કૃત્યમાં સાથ આપ્યો છે કે કેમ ? સહિતના મુદ્દે પૂછતાછ હાથ ધરી છે. મહિલાની કેફિયતથી પોલીસ પણ અચંભીત બની ગઈ હતી કે પતિ પુત્ર બાબતે રોજ ઝઘડા કરતો હતો. પોતે જ મારીને કૂવામાં ફેંકી દીધો હતો.

રાજકોટ નજીક બેડી રામપરા સીમમાં જયેશ બાંભોલિયા નામના ખેડૂતની વાડીના કુવામાંથી એક માસ પૂર્વે ગત તા.૨૩-૨ના રોજ બ્લેક કલરની ચડ્ડી તથા રાઉન્ડ નેકનું સ્કાય કલર જેવું ટી-શર્ટ પહેરેલા બાળકો મૃતદેહ એરપોર્ટે પોલીસે ફાયરબ્રિગેડની મદદથી બહાર કાઢપો હતો.

શરીર ફુલાઈ ગયેલું હતું. મોતનું કારણ જાણવા જે તે સમયે જ પોલીસે ફોરેન્સિક પીએમ કરાવી બાળકની ઓળખ મેળવવા રાજકોટ તેમજ આસપાસના જિલ્લા કે કોઈ સ્થળેથી બાળક ગૂમ થયાની કોઈ પોલીસ મથકોમાં નોંધ થઈ હોય તો તેવી યાદી મંગાવીને બાળક કોણ ? તે તપાસ કરી રહી હતી એ દરમિયાન આજે થોરાળા પોલીસ મથકમાં ઘટસ્ફોટ થયો હતો.

થોરાળા વિસ્તારના ભારતનગરમાં રહેતી ભાવુબેન રણછોડભાઈ કીહલા નામની મહિલા પોલીસ મથકે આવી હતી અને પોતાના પુત્ર ગૂમ અંગે પોલીસને અવડે પાટે ચડાવતા તથા પતિને ફસાવવા સ્ટોરી ઘડી હતી. પોલીસે શંકા જતા પોલીસની ભાષામાં મહિલાની આકરી પૂછતાછ કરતાં મહિલા ભાંગી પડી હતી.ફરિયાદ કરવા આવેલી મહિલા પોતે જ આરોપી નીકળી હતી. પોલીસના અંતર્ગત સૂત્રોમાંથી પ્રાથમિક માહિતી મુજબ મહિલાનું થાનમાં પિયર છે. ચાર વર્ષ પૂર્વે રાજકોટના ભારતનગરમાં રહેતા છકડો રિક્ષા ધારક રણછોડ કીહલા સાથે લગ્ન થયા હતા. સંતાનમાં ચાર વર્ષની પુત્રી અને બે વર્ષનો પુત્ર રાયધન થયા હતા. માસૂમ પુત્ર રાયધનના જન્મને લઈને મહિલા અને તેના પતિ વચ્ચે બાળક પોતાનું છે નહીં તે મુદ્દે ચડભડ થતી હતી. પતિને એવી શંકા હતી કે પત્ની ભાવુને ગભરૂ નામના વ્યક્તિ સાથે સંબંધો છે અને બાળક પોતાનું નથી. મહિલાને પ્રેમી થકી બાળક અવતર્યુ છે આવી શંકા-કુશંકાને લઈને બન્ને વચ્ચે ઝઘડો થતો રહેતો હતો.

દંપતી વચ્ચે પુત્ર રાયધન કોનું સંતાન બાબતે કંકાસ થતો હતો. આ કંકાસથી કંટાળી અથવા તો સત્ય બહાર આવશે તો આવા ડરે કે પતિના શંકાશીલ સ્વભાવથી ત્રાસીને મહિલાએ માસૂમ પુત્રની હત્યા કરીને લાશ કૂવામાં ફેંકી દીધી. બન્નેની આશંકાઓમાં માસૂમ ફૂલે જીવ ગુમાવ્યો.

મહિલાએ જ્યાં બાળકને ફેંક્યો હતો તે કૂવો પોલીસને બતાવ્યો મહિલાએ આપેલી કેફિયતની ખરાઈ

કરવા થોરાળા પોલીસ કુવાડવા તરફ રવાના થઈ હતી. વિસ્તાર એરપોર્ટ પોલીસ મથકનો ધેવાથી ત્યાંની પોલીસને



જાણ કરાઈ હતી અને વિગતો મેળવતા ગત મહિને તા.૨૩ના રોજ બેડી રામપરા ગામે કૂવામાંથી લાશ મળ્યાની વિગતો થોરાળા પોલીસને મળી હતી. મહિલાએ જ્યાં લાશ ફેંકી હતી તે સ્થળે પોલીસ મહિલાને લઈને પહોંચી હતી અને મહિલાએ કૂવો બતાવ્યો હતો. પોલીસે માસૂમ બાળકની લાશનો ફોટો બતાવતા મહિલાએ કહ્યું પહા, એ જ પતિએ કહ્યું અમને તો એવી વાત કરી છે કે પુત્ર પ્રેમીને આપી આવી બાળકના હત્યાના એક માસ બાદ ખુલેલા ભેદમાં થોરાળા પોલીસે કરેલી કવાયત અને મહિલાની આકરી પૂછતાછમાં મહિલાએ પતિ પર દોષનો ટોપલો ઢોળવા પ્રયાસ કર્યો હતો. પોલીસે મહિલાના કથન પરથી તેના પતિને બોલાવ્યો હતો. પતિએ પોલીસને એવું જણાવ્યુ હતું કે પોતાને પત્નીએ એવી વાત કરી હતી કે કાયમી ઝઘડો ન થાય એટલે બાળક (પુત્ર)ને પ્રેમીને જ સોંપી આવી છે. હત્યા કરી કે કુવામાં ફેંકી દીધો છે આવી કોઈ વાત કરી ન્હોતી.પોલીસ કૂવા પર ગઈ હતી. સ્થળ ચકાસણી કરી હતી એ પૂર્વે એરપોર્ટ પોલીસ પાસે રહેલા બાળકની જે તે સમયે મળેલી લાશનો ફોટો મહિલાને બતાવાતા તેણે કહ્યું, પહા, આ મારો પુત્ર રાયધન છેથ. મહિલાના આ જવાબથી પોલીસે થોડી ક્ષણો આંચકો અનુભવ્યો હતો.

મહિલાએ આપેલી કેફિયત અને મળેલા પુરાવાના આધારે પોલીસે અત્યાર સુધી બાળકના મૃત્યુનો બનાવ એ.ડી. (એક્સિડન્ટ ડેથ) આકસ્મિક મોતમાં હતો તે હત્યા હોવાનું ખુલતા મહિલા સામે હત્યાનો ગુનો નોંધવા માટે તજવીજ હાથ ધરી છે.

# કાલાવડરોડ ઉપર ૭.૨૦ લાખની ઉઘરાણી કરતા ટ્રાવેલ્સના ધંધાર્થીને ત્રિપુટીએ ધમકી દીધી

## કટકે-કટકે આપેલા ૧૦.૬૦ લાખમાંથી શખ્સે ૩.૪૦ પરત આપ્યા: જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યો હોવાની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

કાલાવડ રોડ વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સનો ધંધો કરતા યુવકે સંબંધના નાતે આપેલા પૈસાની ઉઘરાણી કરતા ત્રિપુટીએ જ્ઞાતિપ્રત્યે હડધૂત કરી ધમકી આપી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. વાંમ્બે આવાસ યોજના બ્લોક નં ૨માં રહેતા મહેન્દ્રભાઈ વિનોદભાઈ લકુમે યુનિ.પોલીસમાં નંદવાટીકા એપાર્ટમેન્ટ બ્લોક નં સી ૨૦૨માં રહેતા ચેતના ભરત ધાંધીયા, ભરત, ધાર્મીક સહિતના ત્રણેય સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું હતું કે ચેતનાના વેવાણ તૃપ્તીબેન જોષીની કારનું અગીયારેક વર્ષ ડ્રાઈવીંગ મે કરેલ ત્યારે તેની સાથે પરિચય થયો હતો.અને તેના ઉપરોકત ઘરે પણ સામાન આપવા જતો હતો.બાદ અમોએ એકબીજાના નંબરની આપ લે કરેલ હતી.બે વર્ષ પુર્વે ભરતે ધંધા માટે પૈસા માંગતા જેથી મે મારી કાર પર લોન લઈ રૂ.૫ લાખ આપ્યા હતા.બાદ ચેતનાને રૂ.૧ લાખ આપ્યા હતા.અને ચેતના અવાર નવાર મને વિડીયો કોલ કરી પોતાના કપડા ઉતારતા હતા. એક દિવસ ઘરે બોલાવી રડવા લાગેલ તમે સારા માણસ છો કહી વિશ્વાસમાં લઈ અવાર નવાર પૈસા માંગતા હું આપતો હતો. આમ કુલ રૂ.૧૦.૬૦ લાખ આપતા ભરતે માત્ર ૩.૪૦ લાખ મને પરત આપ્યા હતા.બાદ બાકી લેવાના નિકળતા રૂ.૭.૨૦ લાખની ઉઘરાણી કરતા ઉપરોકત ત્રણેય તારૂ ઘર બગાડુ નહીં તો કહેજે કહી ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેર માં જુદા જુદા ત્રણ સ્થળે યુવતી સહિત ત્રણ લોકોના આપઘાત

## આત્મહત્યાનું કારણ અકબંધ : પોલીસ તપાસ જારી

શહેર માં આત્મહત્યા અને આપઘાતના પ્રયાસોની ઘટનાઓ દિન બદીન વધીરહી છે ત્યારે વધુ ત્રણ બનાવમાં જુદા જુદા ત્રણ સ્થળે યુવતિ સહિત ત્રણ લોકોએ ગળેફાંસા ખાઈ જીવન ટુંકાવી લીધાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે વિગત મુજબ ભાવનગર રોડ પર આવેલી મનહર સોસાયટીમાં રહેતી મિતલબેન કિશોરભાઈ સરવૈયા નામની ૨૩ વર્ષની યુવતિ બપોરના ૧૨:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો. યુવતિને સારવાર મળે તે પૂર્વે જ મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક યુવતિએ માતા-પિતા કામેગયા બાદ પગલુ ભરી લીધુ હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમા નવાગામ રાણપુર ગામે રહેતી ચંદ્રીકાબેન ભીમજીભાઈ પરસાણા નામની ૩૫ વર્ષની યુવતિએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવાર શોકમાં ગરકાવથઈ ગયો હતો. ત્રીજા બનાવમાં ચુનારાવાડ ચોક પાસે આવેલ લાખાજીરાજ રોડ ઉધોગનગરમાં રહેતા અને દાળપકવાનની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ભરતભાઈ બીજલભાઈ ભીલ ઉ.વ.૪૦એ કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. યુવકના મોતથી બે પુત્ર અને બે પુત્રીઅ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ઉપરોક્ત ત્રણેય બનાવ અંગે પોલીસે નોંધ કરી આપઘાતના કારણ જાણવા તપાસનો દૌર લંબાવ્યો છે.

# જસદણના આંબરડીની જીવનશાળાની હોસ્ટેલના ૪ વિદ્યાર્થીઓ સાથે ગૃહપતિ દ્વારા સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય

## વિદ્યાર્થીઓએ વાલીને જણાવતા સમગ્ર મામલે ખુલાસો થયો: ગૃહપતિ અને આચાર્ય સામે ફરિયાદ: પોકસો, એટ્રોસિટી સહિત કલમો નોંધી તપાસ હાથ ધરાઈ

જસદણના આંબરડી ગામે આવેલ જીવનશાળાની હોસ્ટેલના ૪ વિદ્યાર્થીઓ સાથે ગૃહપતિએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાની શર્મસાર કરતી વધુ એક ઘટનાં સામે આવી છે. વિદ્યાર્થીઓએ વાલીને જણાવતા સમગ્ર મામલે ખુલાસો થયો હતો. વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ બાબતે આચાર્યને ફરિયાદ કરી છતાં કાર્યવાહી ન કરવામાં આવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. પોલીસે ગૃહપતિ અને આચાર્ય સામે ફરિયાદ નોંધી પોકસો, એટ્રોસિટી સહિત કલમો હેઠળ તપાસ શરૂ કરી છે. જસદણના આંબરડી ગામની જીવનશાળા હોસ્ટેલના ૪ વિદ્યાર્થીઓ સાથે ગૃહપતિ કિશન ગાગડીયાએ સૃષ્ટિ વિરુદ્ધનુ કૃત્ય કર્યાનીની પોલીસમા ફરિયાદ નોંધાઈ છે. વિદ્યાર્થીઓએ પોતાના વાલીને જણાવતા આ સમગ્ર મામલો બહાર આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને વાલીઓએ આચાર્યને ફરિયાદ કરી છતાં કાર્યવાહી ન કરવામાં આવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો અને હોસ્ટેલનાં ગૃહપતિ કિશન ગાગડીયા અને આચાર્ય રત્ના રાઘવાણી સામે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે પોકસો, એટ્રોસિટી સહિત કલમો નોંધી તપાસ શરૂ કરી છે. જર્જરિત રૂમમાં લઈ જઈને વિદ્યાર્થીઓ સાથે અભદ્ર વર્તન કરાતુ હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યુ હતુ.

# રાજ્ય માં તહેવારોમાં શાંતિનો માહોલ જળવાય તે માટે પોલીસ અધિકારીઓને આયોજન કરવા ડી જી પીની સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના નાગરિકોને સુરક્ષિત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તે ઉદ્દેશ ૧ સાથે રાજ્યના પોલીસ વડા વિકાસ - સહાયે તમામ પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષક સાથે એક વિડિઓ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

આગામી દિવસોમાં આવી રહેલા તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્યમાં - કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ - જળવાઈ રહે તથા શાંતિ અને સલામતીનું વાતાવરણ કાયમ રહે તે હેતુથી આ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

આ બેઠકમાં તહેવારો દરમિયાન સુરક્ષા અને શાંતિ જાળવવા માટે વિવિધ મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત - ચર્ચા કરવામાં આવી હતી અને જરૂરી ૧ સૂચનાઓ આપવામાં આવી હતી. આ વિડિઓ કોન્ફરન્સમાં સ્થાનિક સ્તરે શાંતિ સમિતિઓ સાથે બેઠકો યોજી સમન્વય અને સહકાર સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનાઓ અપાઈ હતી.




તે ઉપરાંત મહોલ્લા મિટિંગ, ડીજે-લાઉડ સ્પીકરના પ્રતિબંધિત ઉપયોગ પર નજર, અટકાયતી પગલાઓ, ધાબા ચેકીંગ, વાહન ચેકીંગ તેમજ અલગ અલગ વિસ્તારોમાં વિવિધ સમુદાય સાથે સંવાદ સાધી જરૂરી તકેદારી રાખવા પણ જણાવાયું હતું. રાજ્યના પોલીસ વડાએ વિડિઓ કોન્ફરન્સમાં તાકીદ કરી હતી કે, ભીડભાડવાળી જગ્યાઓ અને ધાર્મિક સંસ્થાઓ પાસે જરૂરી બંદોબસ્ત રાખવો અને સંવેદનશીલ સ્થળોએ પૂરતી પોલીસ ફોર્સ મૂકીને સુરક્ષા વધારવી તેમજ ડ્રોન સર્વેલન્સ કરાવવું. ખોટી માહિતી અને અફવાઓને રોકવા માટે સ્થાનિક લેવલથી સોશિયલ મીડિયા મોનિટરિંગ રાખવા અને આવા કારણોસર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને અસર ન પડે તે ઉત્કૃષ્ઠ વિકાસ સહાયની તમામ જિલ્લાના ઈડ અને સાથે વીડિયો કોન્ફરન્સ યોજાઈ માટે સોશિયલ મીડિયા પર ચાંપતી નજર રાખવા પણ સૂચના આપવામાં આવી હતી.

શહેર ગ્રામ્ય વિસ્તારમાં નાકા પોઈન્ટ્સ પર સઘન વાહન ચેકીંગ કરવા તેમજ ભીડવાળા વિસ્તારોમાં પોલીસ તૈનાત કરી નિરીક્ષણ વધારવા અને સતત પેટ્રોલિંગ અને પોલીસ વાહનોની હાજરી દ્વારા લોકોમાં સુરક્ષાની ભાવના જાળવવા રાજયના પોલીસ વડા દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ અધિકારીઓને સુરક્ષા અને સલામતીના ઉપરોકત વિવિધ મુદ્દાઓના આધારે યોગ્ય આયોજન કરી, સંકલન સાધીને સલામતીના પગલાં લેવા તાકીદ કરી હતી અને તહેવારોના સમયે રાજ્યમાં શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

# મોરબી રોડ પર રહેણાંક મકાનમાંથી ૪૮૦ બોટલ દારૂ સાથે એક શખ્સ ઝડપાયો





**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબી રોડ સેટેલાઈટ ચોક આનંદ એવન્યુ મેઈન રોડ ઘનશ્યામનગર શેરી નં. ૫ મકાન માંથી વિદેશી દારૂના જથ્થા સાથે પોલીસે એક શખ્સને ઝડપી લીધો હતો. રાજકોટ શહેર પોલીસ ના પીસીબી પોલીસ ઈન્સપેક્ટર એમ.આર. ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીસીબી ના પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા જે દરમિયાન પો.હેડ કોન્સ. ફલદીપસિંહ રામદેવસિંહ તથા પો.કોન્સ. વિજયભાઈ ઉકાભાઈ તથા યુવરાજસિંહ ઘનશ્યામસિંહનાઓને મળેલ સંયુક્ત હકીકત આધારે મોરબી રોડ સેટેલાઈટ ચોક આનંદ એવન્યુ મેઈન રોડ ઘનશ્યામનગર શેરી નં. ૫ મકાન માંથી દિનેશ ઉર્ફે સાગર વિજયભાઈ ગૌસ્વામી (રહે ઘનશ્યામનગર શેરી નં. ૫ આનંદ એવન્યુ મેઈન રોડ સેટેલાઈટ ચોક મોરબી રોડ) ને રૂા. ૪૮,૦૦૦ની કિંમતની ૪૮૦ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો.